Wednesday
25.03.2026
*Volume :10 *Issue No.257
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

વંદે માતરમ્

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-


'સુગમ ડિજિટલ ગુજરાત': લાઈનમાંથી ઓનલાઇન તરફ પ્રજાકીય સુખાકારીનું વધુ એક કદમ

# આપણો મુખ્ય ઉદ્દેશ્ય એક જ હોવો જોઈએ કે પ્રજાજનોના કામ સરળ થાય, જેટલી સરળતાથી લોકોનું કામ થશે, એટલો જ તંત્ર અને સરકારને વધુ સંતોષ મળશે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

પ્રજાજનો, ચુંટાયેલા જનપ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ તમામ એક સ્તરે સાથે મળીને કામ કરે છે, ત્યારે પરિણામ હંમેશા અદભૂત અને સચોટ આવે છે-મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ





## ડિજિટાઇઝેશન એ વર્તમાન ભારત, વર્તમાન ગુજરાત અને વર્તમાન નેતૃત્વની દેન છેઃ વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા

### બધા સાથે છીએ તો કોઈને તકલીફ પડવાની નથી, રાજ્યમાં ઈંધણની કોઈ અછત નથીઃ અફવાઓ પર ધ્યાન ન આપવા મુખ્યમંત્રીશ્રીની નાગરિકોને અપીલ

કમલમ્,


મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે રાજ્યના વહીવટી તંત્રને વધુ આધુનિક અને નાગરિક-કેન્દ્રી બનાવવાના ઉદ્દેશ્ય સાથે 'સુગમ ડિજિટલ ગુજરાત' પહેલનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા અને ગુજરાતના નાગરિકોને સરકારી સેવાઓ આંગળીના ટેરવે ઉપલબ્ધ કરાવવા માટે આ એક ક્રાંતિકારી કદમ છે. આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ GARC (Gujarat Administrative Reforms Commission))ના પાંચમા અહેવાલની ભલામણોને આધારે, રાજ્યના ૫ મુખ્ય વિભાગોની ૨૦ હાઈ-ટ્રાન્ઝેક્શન સેવાઓનું ઓનલાઈન સરલીકરણ જાહેર કર્યું હતું. આ પહેલ દ્વારા હવે આવક-જ્ઞાતિના દાખલા, રેશનકાર્ડ અને સોગંદનામા જેવી પાયાની સેવાઓ 'ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ' બનશે. મુખ્યમંત્રીશ્રીએ 'સુગમ ડિજિટલ ગુજરાત' અનાવરણ કાર્યક્રમ અંતર્ગત જણાવ્યું હતુ કે, આપણે ઘણા બધા કાર્યક્રમો કરતા હોઈએ છીએ, અને કાર્યક્રમ એક એવું માધ્યમ છે, જેના દ્વારા સરકાર જે કાર્યો કરે છે તે લોકો સુધી પહોંચે છે. એટલું જ નહીં, પણ જે કાર્ય કર્યું છે એમાં કોઈ રહી ન જાય અને પ્રેસના માધ્યમથી તે માહિતી ઘરે-ઘરે પહોંચે તો, જે નાગરિકો સરકારી યોજનાઓને પાત્ર હોય, તેઓ તેનો પૂરો લાભ લઈ શકે એવો સરકારનો હંમેશા પ્રયત્ન હોય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૨માં 'સ્વાગત ઓનલાઈન' શરૂ કરીને ટેકનોલોજીના ઉપયોગને હંમેશા પ્રાથમિકતા આપી છે. એ જ પ્રાથમિકતાના આધારે આજે આપણે ખૂબ સારું પરિણામ મેળવી રહ્યા છીએ અને ૨૦ જેટલી નવી સેવાઓ 'લાઈનમાંથી ઓનલાઈન' કરવા જઈ રહ્યા છીએ. તમામ લોકોને ઘરે બેઠા સુવિધા મળે તે માટે ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ સેવાઓ પૂરી પાડવા ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. આ ડિજિટલ




પ્રક્રિયામાં જો નાગરિકોને ક્યાંય પણ મુશ્કેલી જણાય, તો તેના નિવારણને સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવે છે તે પણ તેમણે જણાવ્યું હતું. ગ્રામજનો સૌથી પહેલા કોઈના સંપર્કમાં આવતા હોય તો તે તલાટી અથવા ફઝઈ -વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રેન્યોર છે તેનો ઉલ્લેખ કરતાં તેમણે ઉમેર્યું હતું કે, આ તમામ સેવાઓ ઓનલાઈન કેવી રીતે મળે છે, તેનો આપણે સૌ જેટલો પ્રચાર અને પ્રસાર કરીશું એટલો જ પ્રજાને અને તંત્રને ફાયદો થશે. તમે જે નોકરી કે સેવાનું કાર્ય કરો છો, તેનો મુખ્ય ઉદ્દેશ્ય એક જ દિશામાં હોવો જોઈએ કે પ્રજાજનોના કામ સરળ થાય. આપણા મનમાં એ જ લક્ષ્ય હોવું જોઈએ કે જેટલી સરળતાથી લોકોનું કામ થાય એટલો આપણને સંતોષ મળે. જ્યારે પ્રજાના પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ તમામ સ્તરે સાથે મળીને એકજ દિશામાં કામ કરે છે, ત્યારે તેનું પરિણામ અદભૂત આવે છે. ગુજરાતમાં આપણે સૌએ જોયું છે કે, ગમે તેવી પરિસ્થિતિ હોય, જો આપણે સાથે મળીને કામ કર્યું છે તો તેના સચોટ પરિણામો મળ્યા છે. વધુમાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, જ્યારે વડાપ્રધાનશ્રીએ ડિજિટલ પેમેન્ટની વાત કરી હતી, ત્યારે ઘણા બધા લોકોને એવું લાગતું હતું કે, આ કેવી રીતે શક્ય બનશે? પરંતુ આજે આખા દેશમાં સૌથી વધુ ડિજિટલ પેમેન્ટનો ઉપયોગ સામાન્ય અને નાના માણસો કરી રહ્યા છે. આમાં પ્રજાનો પણ મોટો સહકાર મળ્યો છે. જ્યારે સરકાર સમસ્યાઓના સમાધાન માટે આગળ વધતી હોય, ત્યારે પ્રજાનો સાથ હંમેશા મળતો રહ્યો છે. આજે ૨૦ સેવાઓ ઓનલાઈન કરી છે અને ભવિષ્યમાં પણ આ ક્ષેત્રે ધ્યાન આપી નાગરિકો માટે વધુ સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકાર તત્પર હોવાનું પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. તેમણે અનાવરણ થઈ રહેલ પહેલને કારણે ઊભી થનારી વ્યવસ્થામાં ડેટા ડિજિટલ હોવાને કારણે નાગરિકે દરેક નવી સેવા માટે ફરી-ફરીને એના એ જ પેપરો આપવા નહીં પડે તેની વિગત આપતા કહ્યું કે, આ માટે ડિજીટલ લોકરની પણ શરુઆત થઈ રહી છે. ટેકનોલોજીના આ ઉપયોગનો લાભ જન-જન સુધી પહોંચે તે માટે આપણે સૌએ સાથે મળીને કામ કરવાનું છે. વડાપ્રધાનશ્રીનું જે વિઝન 'વિકસિત ભારત -૨૦૪૭'માટે વિકસિત ગુજરાત' ને સાકાર કરવા આપણે સૌએ ડિજિટલ ક્ષેત્રે મહત્તમ આગળ વધવું છે. યુ.પી.આઈનો સૌથી વધુ ઉપયોગ નાના ફેરીયા અને શાકવાળા જેવા ઓછું ભણેલા લોકો કરી રહ્યા છે. ડિઝીટલ સરળીકરણ થકી નાગરીક સેવાઓ વધુને વધુ સરળ બનાવી છે. વર્તમાનમાં સર્જાયેલી વૈશ્વિક પરિસ્થિતિ અંગે તેમણે જણાવ્યું હતું કે, આજે રાજ્યમાં ડીઝલ, પેટ્રોલ કે ગેસની કોઈ જ અછત નથી, બધું જ પૂરતા પ્રમાણમાં મળી રહ્યું છે અને મળતું રહેશે. સરકાર 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ'ના કાર્ય મંત્ર સાથે સરકાર વિકસિત ગુજરાત માટે કામ કરી રહી છે. બધા સાથે છીએ તો કોઈને તકલીફ પડશે નહીં. વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું કે, ડિજિટાઈઝેશન એ વર્તમાન ભારત, વર્તમાન ગુજરાત અને વર્તમાન નેતૃત્વની દેન છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે નાગરિકો અને સરકાર વચ્ચેનું અંતર કેમ ઘટે એવા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતાં. નાગરિકોને જનહિતલક્ષી સુવિધાઓ સરળતાથી મળે તે માટે સિંગલ વિન્ડો સિસ્ટમ શરુ કરવામાં આવી હતી. ગામડાની અંદર સીએચસી,પીએચસી સેન્ટરો અને શહેરી વિસ્તારોમાં જનસેવા કેન્દ્રો મારફત આ સેવાઓ ઝડપથી મળે એવા પ્રયાસો કરવામાં આવી રહ્યાં હતાં. મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ કમિશનના અહેવાલ મુજબ બધી જ નાગરિક કેન્દ્રિત સેવાઓ ડિજિટલ બનાવવાની શરૂઆત કરી છે.મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ભૂતકાળમાં દિલ્હીમાંથી એક રૂપિયો મોકલવામાં આવે ત્યારે ૧૫ કે ૧૬ પૈસા જ નાગરિકો સુધી પહોંચતા હતાં. જ્યારે આજે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં છેવાડાના નાગરિકને સીધે સીધી ડીબીટી મારફત પૂરે પૂરી સહાય મળી રહી છે. આ વખતે કમોસમી વરસાદ બદલ ખેડૂતોના ખાતામાં એક ક્લિકથી અંદાજે ૧૧,૦૦૦ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા હતા. જ્યારે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની એમએસપીથી ખરીદી કરવામાં આવી હતી. ઉપરાંત ૨૬ હજાર કરોડ રૂપિયા એક જ ક્લિકથી બધા લાભાર્થીઓના એકાઉન્ટમાં જમા થઈ ગયા હતાં. આજે કદાચ આ ડિજિટલ સિસ્ટમ ન હોત તો આખી રાજ્ય સરકારના પાંચ - છ લાખ કર્મચારીઓ રોકાયેલા હોત. આજે રેશન કાર્ડ ઉપર મળતા અનાજની સેવાઓ, વિદ્યાર્થીઓની સ્કોલરશીપ અને વિધવા બહેનોના પેન્શન જેવી સુવિધાઓ ડિજિટાઈઝેશન થવાથી સરળ, પારદર્શી અને ઝડપી બની છે. આ સેવાઓ સંપૂર્ણ ડિજિટલ નથી, કેટલાક દસ્તાવેજો ઓફલાઈન રજૂ કરવા પડે છે. આ પોર્ટલ કાર્યરત થવાથી નાગરિકો ઘરે બેસીને મોટાભાગની સેવાઓ માટેના ફોર્મ જાતે જ ભરી શકશે. 'નાગરિક દેવો ભવ'ના ભાવથી વર્તમાન સરકારના નેતૃત્વમાં શરુ થયેલી આ ડિજિટલ સુવિધાઓનું યોગદાન વિકસિત ભારત ૨૦૪૭ માં મહત્વનું યોગદાન સાબિત થશે. ગુજરાત સરકારના મુખ્ય સચિવ મનોજ દાસે જણાવ્યું હતું કે, વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલનો આગ્રહ છે કે, ઈ ક્રમ સર્ટિફિકેટ, કાસ્ટ સર્ટિફિકેટ અને અન્ય સર્ટિફિકેટ માટે સરકારી કચેરીમાં, સરકારી કામ માટે આવતા લોકોની લાઈનો દૂર થવી જોઈએ. લોકોનું કામ ઘરે બેઠાં થવું જોઈએ. એંસી લાખ લોકો દર વર્ષે લાઈનમાં ઊભા રહે તે યોગ્ય નથી. આજે ટેક્નોલોજીના માધ્યમથી મહેસૂલ, આરોગ્ય અને ઊર્જા સહિતના બધા વિભાગો સારું કામ કરી રહ્યા છે. "સુગમ ડિજિટલ ગુજરાત"ની વિશેષતા અંગે મુખ્ય સચિવ શ્રીએ જણાવ્યું કે, લોકોના કામ ઘરે બેઠાં થશે, સરકારી ઓફિસમાં નહીં જવું પડે. નાગરિકોને ફોનમાં, whatsapp પર બધું મળશે. આમાં બારકોડ છે અને આધારકાર્ડ આધારિત ઓથેન્ટિકેશન છે. આ સિસ્ટમ એવી રીતે ગોઠવવામાં અને વિકસાવવામાં આવી છે કે એકસાથે દસ લાખ લોકો પોર્ટલ પર પર આવી જાય તો પણ પ્રશ્નો ઊભા ન થાય. રાજ્ય સરકાર ઈઝ ઓફ લિવિંગ માટે પ્રતિબદ્ધ છે એમ જણાવી, નાગરિકોને નવી કોઈ સિસ્ટમ વિકસાવવાની ગુજરાત સરકારને જરૂર હોય તો તેનું સૂચન કરવા પણ તેમણે અનુરોધ કર્યો હતો. આ અવસરે સામાન્ય વહીવટ વિભાગ (તાલીમ)ના અગ્ર સચિવ શ્રી હરિત શુક્લાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતુ કે,સમગ્ર પ્રક્રિયાના મનોમંથન અને અભ્યાસ રિપોર્ટ પછી આ ટોપ ૨૦ સર્વિસ નાગરિકોની સુવિધા માટે કાર્યાન્વિત કરવામાં આવી છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર શ્રી હસમુખ અઢિયા, મહેસુલના અધિક મુખ્ય સચિવ શ્રી જયંતિ રવિ,અન્ન અને નાગરિક પુરવઠાના અધિક મુખ્ય સચિવ શ્રી મોના ખંધાર, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, સાયન્સ અને ટેકનોલોજીના સચિવ શ્રીમતી પી.ભારતી અને ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓ, નાયબ મામલતદારો, મામલતદારો તથા તલાટી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાની દ્વિતીય 'સ્વાસ્થ્ય પરિષદ' યોજાઈ

આરોગ્ય માત્ર હોસ્પિટલ સુધી મર્યાદિત નથી, તે આપણી જીવનશૈલી સાથે જોડાયેલું છે" : મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા





મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના હસ્તે સ્ટેટ ઓફ એડોલેસેન્ટ ગર્લ્સ – ૨૦૨૫ રિપોર્ટનું વિમોચન કરવામાં આવ્યું.



કમલમ્,

રાયસણ, ગાંધીનગર સ્થિત ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એક્સિલેન્સ (IACE) ખાતે આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાની દ્વિતીય 'સ્વાસ્થ્ય પરિષદ' સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. આ અવસરે મંત્રીશ્રીના હસ્તે 'સ્ટેટ ઓફ એડોલેસેન્ટ ગર્લ્સ – ૨૦૨૫' રિપોર્ટનું વિમોચન કરવામાં આવ્યું હતું. પરિષદને સંબોધતા મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતને સ્વાસ્થ્ય ક્ષેત્રે વૈશ્વિક સ્તરે અગ્રેસર બનાવવા અને છેવાડાના માનવી સુધી ઉત્કૃષ્ટ આરોગ્ય સુવિધાઓ પહોંચાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. તેમણે ઉમેર્યું હતું કે, આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોના આરોગ્યને અસર કરતા સામાજિક, આર્થિક અને પર્યાવરણીય પરિબળોને ઓળખી તેમાં હકારાત્મક સુધારા લાવવાનો છે. રાજ્યમાં શિશુ મૃત્યુદર ઘટાડવાના પ્રયાસો અંગે માહિતી આપતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, સરકાર દ્વારા ઓક્સિજન અને કાર્ડિયાક જેવી સુપર સ્પેશિયાલિસ્ટ સુવિધાઓથી સજ્જ ૧૧ નવી 'મિની આઈસીયુ' એમ્બ્યુલન્સ કાર્યરત કરવામાં આવી છે. આ એમ્બ્યુલન્સ દ્વારા અંતરિયાળ વિસ્તારના નવજાત શિશુઓને સમયસર મોટી હોસ્પિટલોમાં ખસેડી તેમનો જીવ બચાવી શકાશે. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ દ્વિતીય સ્વાસ્થ્ય પરિષદમાં માતા અને બાળ આરોગ્ય સુખાકારી, માનસિક અને પ્રજનન સ્વાસ્થ્યની સમસ્યાઓ, સંચારી રોગોની અટકાયત જેવા વિષયો પર નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન અને ચર્ચા કરવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વાસ્થ્યપ્રદ ગુજરાત અને વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવા માટે દરેક નાગરિકનું સ્વસ્થ હોવું અનિવાર્ય હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં આરોગ્ય કમિશનર (અર્બન) ડૉ. સંધ્યા ભૂલ્લાર, આરોગ્ય કમિશનર (ગ્રામ્ય) ડૉ. રતનકંવર ગઢવીચરણ, વર્લ્ડ બેંક હેલ્થ સાઉથ એશિયાના પ્રેક્ટિસ મેનેજર ડૉ. અપર્ણા સોમનાથન, SHSRC ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. એ.એમ. કાદરી, અધિક નિયામક (જાહેર આરોગ્ય) ડૉ. નિલમ પટેલ, અધિક નિયામક (પરિવાર કલ્યાણ) ડૉ. નયન જાની સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ, NGO પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં ગ્રામીણ સરપંચો ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે પડધરી ખાતે ટી.બી.ના ૧૫ દર્દીઓને પોષણ કીટનું વિતરણ



કમલમ્,રાજકોટ

રાજકોટ જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા 'ટી.બી.મુક્ત ભારત' અભિયાનને સાકાર કરવાના ઉમદા હેતુસર દાતાઓના સહયોગથી નિયમિતપણે ક્ષયના જરૂરિયાતમંદ દર્દીઓને ન્યુટ્રીશન કીટનું વિતરણ કરવામાં આવે છે. ત્યારે '૨૪ માર્ચ-વિશ્વ ક્ષય દિવસ'ની ઉજવણીના ભાગરૂપે રાજકોટ જિલ્લામાં વિવિધ સ્થળોએ ટી.બી.ના દર્દીઓને પોષણયુક્ત આહારની કીટ આપવામાં આવી રહી છે. જે અન્વયે પડધરી ખાતે આજ રોજ ટી.બી.ના દર્દીઓને મદદરૂપ થવા માટે પોષણ કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. રાજકોટ જિલ્લા ક્ષય અધિકારી શ્રી ઘનશ્યામ મહેતાના માર્ગદર્શન હેઠળ સત્યમ્ સેવા ફાઉન્ડેશનના શ્રી ચંદ્રકાન્તભાઈ મણીયારના આર્થિક સહયોગથી પડધરી સરકારી હોસ્પિટલ ખાતે ૧૫ જેટલા ટી.બી.ના જરૂરિયાતમંદ દર્દીઓને પોષણ આહાર કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો હેતુ દર્દીઓની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરી તેમને ઝડપથી સ્વસ્થ બનાવવાનો છે. આ કાર્યક્રમમાં સેવાભાવી લોકોને 'ક્ષયમુક્ત ભારત' અભિયાનમાં જોડાઈ 'નિક્ષય મિત્ર' બનવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ તકે આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને સંસ્થાના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

દેશવાસીઓની રાષ્ટ્રીય ભાવનાને પ્રેરણા આપતું અમર રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'ને ૧૫૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી અંતર્ગત 'વંદે માતરમ @150 વર્ષ'ના બીજા તબક્કામાં વિવિધ કાર્યક્રમોની ઉજવણી તા.૨૩થી ૩૧ માર્ચ,૨૦૨૬ દરમિયાન કરવામાં આવશે. જેનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોમાં રાષ્ટ્ર ભાવનાને વધુને વધુ ઉજાગર કરવાનો છે. આ અભિયાન અંતર્ગત જિલ્લા, તાલુકા, નગરપાલિકા,મહાનગરપાલિકા અને ગ્રામીણ સ્તરે વંદે માતરમના સમૂહ ગીતનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓ,યુવાનો,સરકારી અધિકારીશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિકોની વિશાળ જનભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે. વધુમાં, દેશભક્તિનો સંદેશ વ્યાપક સ્તરે પહોંચે તે હેતુથી વિવિધ સ્થળોએ રેલી,પદયાત્રા અને જાહેર સભાનું આયોજન પણ કરવામાં આવશે. આ ઉપરાંત શાળાઓ અને કોલેજોમાં વંદે માતરમ- દેશભક્તિ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા આયોજિત "વંદે માતરમજ૧૫૦વર્ષ " બીજા તબક્કાના વિવિધ કાર્યક્રમોમાં વધુમાં વધુ યુવાનો- નાગરિકોને ઉત્સાહપૂર્વક જોડાઈ રાષ્ટ્રપ્રેમ અને એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવવા માટે સહભાગી થવા યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.



કમલમ્, રાકેશ વાળા

નવસારી જિલ્લામાં આવેલ PHC અડદા ખાતે વિશ્વ ક્ષય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખશ્રી શ્રીમતી પ્રતિભાબેન, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો રાજેન્દ્ર રંગૂન વાલા, જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડો પિનાકીન પટેલ, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડો અલ્પેશ પટેલ.. ડો નયનાબેન પટેલ, એમ. ઓ અડદા, ટીબી વિભાગના ડો ધવલ રાઠોડ, GMERS medical કોલેજના resident doctor તથા લીગલ એડવાઈઝરી ના શ્રી દુબે સાહેબ અને તમામ આરોગ્ય કેંદ્રનો સ્ટાફ અને ટીબી વિભાગનો સ્ટાફ હાજર રહેલ હતો... આ પ્રસંગે દાતાશ્રી શારદાબેન પટેલ. તરફથી દર્દીઓને પોષણ કીટ નું વિતરણ કરવામાં આવેલ અને કાર્યક્રમના અંતે એક ટીબી જાગૃતિ રેલી નું પણ આયોજન કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ટીબી વિભાગ અને આરોગ્ય કેન્દ્ર ના કર્મચારીઓ એ કરેલ હતો.

# RBI-અમદાવાદ દ્વારા ગુજરાતની સહકારી બેંકો માટે 'સાયબર સંબંધિત છેતરપિંડીનો સામનો કરવો' વિષય પર દ્વિતીય કાર્યશાળાનું આયોજન



### ગુજરાતભરમાં કાર્યરત ૯૪ શહેરી સહકારી બેંકો, જિલ્લા કેન્દ્રીય સહકારી બેંકો અને રાજ્ય સહકારી બેંકના અધિકારીઓ સહભાગી થયા

કમલમ્,

ભારતીય રિઝર્વ બેંકે તેના નિયંત્રણ હેઠળની સંસ્થાઓ સાથેના તેના નિરીક્ષણીય અને વિકાસલક્ષી એવા નિરંતર સંકલન તેમ જ જોડાણના ભાગરૂપે આજે અમદાવાદખાતે સાયબરસંબંધિત છેતરપિંડીની ઘટનાઓ અને તે વિષયક વધતી જતી નવી નવી તરકીબો વિશે જાગૃતિ લાવવા માટે "સાયબર સંબંધિત છેતરપિંડીઓનો સામનો કરવો" વિષય પર એક કાર્યશાળાનું આયોજન કર્યું. સાયબર સંબંધિત છેતરપિંડીઓ મુદ્દે નિયંત્રણ હેઠળની સંસ્થાઓમાં જાગૃતિ લાવવા માટેની વર્તમાન શૃંખલાના ભાગરૂપે અગાઉ ગત ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ૧૦૦ નાની શહેરી સહકારી બેંકો માટે આવી પ્રથમ કાર્યશાળા આયોજીત કરવામાં આવી હતી. આ બીજી કાર્યશાળામાં ગુજરાતભરમાં કાર્યરત એવી ૯૪ શહેરી સહકારી બેંકો, જિલ્લા કેન્દ્રીય સહકારી બેંકો અને રાજ્ય સહકારી બેંકના મુખ્ય કાર્યકારી અધિકારીઓ, વરિષ્ઠ સંચાલકગણ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી વિભાગના વડાઓએ ભાગ લીધો.આ કાર્યશાળા સાયબર છેતરપિંડીના જોખમનો સામનો કરવામાં સલામત ડિજિટલ ચુકવણીની પ્રથાને (ઈકોસિસ્ટમને) પ્રોત્સાહનઆપવા માટે હિતધારકો સાથે સતત સંકલન સાધવાના ભારતીય રિઝર્વ બેંકના પ્રયાસોના એક ભાગ સમાન છે. આ પ્રસંગે તજજ્ઞ વક્તા તરીકે ભારતીય રિઝર્વ બેંકના જનરલ મેનેજર શ્રી વિજય રૈના અને ગાંધીનગર સ્થિત સાયબર સેન્ટર ફોર એક્સેલન્સના પોલીસ અધિક્ષક શ્રી સંજય કુમાર કેશવાલાએ માર્ગદર્શન આપ્યુ હતું. આ કાર્યશાળામાં એક મજબૂત કાર્યપ્રથા તેમ જ નિરીક્ષણીય વ્યવસ્થા, કડક આંતરિક નિયંત્રણો, સુચારુ પ્રક્રિયાઓ અને સાયબર સંબંધિત છેતરપિંડીઓને નિવારવા તેમ જ તેના જોખમને નિયંત્રિત કરવા માટે અદ્યતન તકનીકોના ઉપયોગના મહત્વ પર ભાર મુકવામાં આવ્યો.

ભારતીય રિઝર્વ બેંકના વક્તાઓએ સાયબર સંબંધિત નાણાકીય છેતરપિંડીઓની ઘટનાઓમાં તાજેતરમાં જોવા મળેલ વૃદ્ધિ, એમાં પણ ખાસ કરીને "ડિજિટલ ધરપકડ" ની ઘટનાઓ, પર ભાર મુકવા ઉપરાંત બેંકો દ્વારા નવા ગ્રાહકોની નોંધણીની પ્રક્રિયા દરમિયાન ગ્રાહકની જરૂરી તેમ જ પૂરતી તપાસ (ડ્યુ ડિલિજન્સ) કરવી અને તેના વ્યવહારો પર સતત દેખરેખ રાખવી જરૂરી હોવાની અગત્યતા પર પણ ભાર મૂક્યો. વધુમાં, ભારતીય રિઝર્વ બેંકે શહેરી સહકારી બેંકોના વરિષ્ઠ નેતૃત્વને તેમની સંસ્થાઓમાં સાયબર સંબંધિત સ્થિતિસ્થાપકતાને એક મુખ્ય વ્યૂહાત્મક ઉપાય તરીકે અગ્રિમતા આપવા તેમ જ અપનાવવા આહ્વાન કર્યું તેમ જ સ્થાનિક સમુદાયને સાંકળી લેતી સઘન ઝુંબેશો, સ્થાનિક ભાષામાં ચેતવણીઓ, વગેરેના માધ્યમે જાગૃતિ લાવવા વિનંતી કરી. પોલીસ અધિકારી શ્રી કેશવાલાએ ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના ઉપક્રમે સાયબર છેતરપિંડીઓને રોકવા, આવી છેતરપિંડીઓ અંગે જાણ કરવા અને તેની તપાસ કરવાને લક્ષમાં રાખીને કરવામાં આવેલ કેટલીક શરૂઆતો અંગે જણાવ્યું. વધુમાં, શ્રી કેશવાલાએ ભારતમાં રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ નું માળખું અને તેની કામગીરી તેમ જ બેંકોની સમયસરની કાર્યવાહી સાયબર છેતરપિંડીનો ભોગ બનેલાઓને તેમના પૈસા પરત મેળવવામાં કેવી રીતે મદદરૂપ થઈ તે વિશે વિગતે જાણકારી પૂરી પાડી. સાથે સાથે, શ્રી કેશવાલાએ સાયબર છેતરપિંડી કરનારાઓ વિશ્વાસ, ભય, લોભ, તાકીદ અને આળસ જેવી માનવીય લાગણીઓનો ઉપયોગ કરે છે તેનો ઉલ્લેખ કરતાં આવી છેતરપિંડી થયા પછીના તુરંતના સમય -"ગોલ્ડન અવર" માં છેતરપિંડીની તાત્કાલિક જાણ કરવા પર પણ ભાર મૂક્યો હતો. કાર્યશાળામાં ભાગ લેનારા વિવિધ બેંકોના પ્રતિનિધિઓ દ્વારા સાયબર છેતરપિંડીઓને રોકવા માટે જરૂરી એવું માર્ગદર્શન મેળવવા તેમ જ આ બાબતે કેટલાક ઉપાયો સુચવતા આંતર-સંવાદયુક્ત સત્ર સાથે કાર્યક્રમ સમાપ્ત થયો? હતો. આ તબક્કે ભારતીય રિઝર્વ બેંકે, બેંકો અને અન્ય હિતધારકો સાથે પોતાના સતત સંકલન અને ભારતીય બેંકિંગ પ્રથાની સ્થિતિસ્થાપકતા અને અખંડિતતાને વધુ મજબૂત બનાવવા માટે યોગ્ય પગલાં લેતા રહેવાની પોતાની કટિબદ્ધતા પુનઃ વ્યક્ત કરી. આ કાર્યશાળામાં ભારતીય રિઝર્વ બેંક તથા વિવિધ સહકારી બેંકોના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.

# સુરેન્દ્રનગરમાં 'શહીદ દિવસ' નિમિત્તે વિવિધ કાર્યક્રમો સાથે પદયાત્રાનું આયોજન

### ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવના બલિદાનને યાદ કરી યુવાનોએ રાષ્ટ્રભક્તિના શપથ લીધા



કમલમ્,સુરેન્દ્રનગર

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલયના માર્ગદર્શન હેઠળ તેમજ એમ.પી. શાહ કોમર્સ કોલેજ, સુરેન્દ્રનગરના સંયુક્ત ઉપક્રમે ૨૩ માર્ચ 'શહીદ દિવસ' નિમિત્તે વિવિધ પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશની આઝાદી માટે પોતાના પ્રાણોની આહુતિ આપનાર અમર શહીદ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવના સર્વોચ્ચ બલિદાનને યાદ કરી તેમને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના ઉમદા હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં સુરેન્દ્રનગરના યુવાનો અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. યુવાનોમાં નાગરિક જાગૃતિ લાવવાના અને સામૂહિક શ્રમનું મહત્વ સમજાવવાના હેતુથી મુખ્ય કાર્યક્રમના આગલા દિવસે, એટલે કે ૨૨ માર્ચ ૨૦૨૬ના રોજ વિશેષ 'શ્રમદાન' પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. રમેશ દાવડાના માર્ગદર્શન હેઠળ વિવિધ યુવા ક્લબોના સક્રિય સહકારથી બાલ યુવા સંસ્કાર કેન્દ્ર તેમજ જોરાવરનગર વિસ્તારમાં આવેલા વિવિધ જાહેર બગીચાઓમાં સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યુંહતું.

આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યેની જવાબદારી અને સામુદાયિક સેવાની ભાવના જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઉજવણીના ભાગરૂપે "માય ભારત, માય રિસ્પોન્સિબિલિટી" થીમ પર પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યુંહતું. આ પદયાત્રાને કોલેજના પ્રાચાર્ય ડૉ. વજાણી, સુશ્રી મીશા, ડૉ. રમેશ દાવડા અને શ્રી ધર્મેશ રાઠોડ દ્વારા લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

પદયાત્રામાં યુવાનો હાથમાં સ્વચ્છતા, રાષ્ટ્રીય એકતા અને શહીદોના ગૌરવગાન કરતા પ્રેરણાદાયી પ્લેકાર્ડ્સ સાથે ઉત્સાહપૂર્વક જોડાયા હતા, જે સમગ્ર શહેરમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ યાત્રા દ્વારા શહેરના નાગરિકોમાં દેશપ્રેમ, સામાજિક જવાબદારી અને નાગરિક શિસ્ત અંગે જાગૃતિ ફેલાવવાનો સફળ પ્રયાસ થયો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એમ.પી. શાહ કોમર્સ કોલેજના સ્ટાફ અને સ્વયંસેવકોના સહકારથી કરવામાં આવ્યુંહતું. કાર્યક્રમના અંતે સામૂહિક રાષ્ટ્રગાન કરવામાં આવ્યું હતું, જેમાં ઉપસ્થિત તમામ યુવાનોએ શહીદોના આદર્શોને જીવનમાં ઉતારી રાષ્ટ્ર નિર્માણમાં સકારાત્મક યોગદાન આપવાની તેમજ દેશની એકતા અને અખંડિતતા જાળવી રાખવાની ગંભીર પ્રતિજ્ઞા લીધી હતી. આવા આયોજનો દ્વારા યુવા પેઢીમાં રાષ્ટ્રપ્રેમ અને જવાબદાર નાગરિકત્વની ભાવના વધુ પ્રબળ બની છે.

# વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં 'રોબોફેસ્ટ ગુજરાત ૫.૦'ની ગ્રાન્ડ ફિનાલે સંપન્ન

### ગુજરાત ટેકનોલોજી ક્ષેત્રે દેશનું નેતૃત્વ કરી રહ્યું છે, રાજ્યમાં સેમીકન્ડક્ટર સેક્ટરનો વિકાસ તેનું ઉત્તમ ઉદાહરણ :-વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા








### દેશની સૌથી મોટી રોબો-મેકિંગ સ્પર્ધા 'રોબોફેસ્ટ ગુજરાત ૫.૦'ની વિવિધ કેટેગરીના વિજેતાઓને ૫ કરોડના ઇનામો એનાયત કરાયા

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે 'રોબોફેસ્ટ-ગુજરાત ૫.૦' ની ગ્રાન્ડ ફિનાલે યોજાઈ હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ દેશની સૌથી મોટી રોબો-મેકિંગ સ્પર્ધાની વિજેતા ટીમોને કુલ ૫ કરોડના ઈનામો એનાયત કર્યા હતા. સમાપન સમારોહમાં મંત્રીશ્રીએ આગામી વર્ષ માટે 'રોબોફેસ્ટ ગુજરાત ૬.૦' નું પણ લોન્ચિંગ કર્યુંહતું. રોબોફેસ્ટ ૫.૦ ના ગ્રાન્ડ ફિનાલેમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે આજનો યુગ રોબોટિક્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ડીપ ટેકનોલોજીનો યુગ છે. તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં ગુજરાતમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની સ્થાપના કરીને જે દૂરંદેશી બતાવી હતી, તેના કારણે ગુજરાત આજે ટેકનોલોજી ક્ષેત્રે દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. રાજ્યમાં સેમીકન્ડક્ટર સેક્ટરનો વિકાસ તેનું ઉત્તમ ઉદાહરણ છે. હવે યુદ્ધના મેદાનથી લઈને ઉદ્યોગો સુધી ટેકનોલોજીનુંજ વર્ચસ્વ છે અને જે રાષ્ટ્ર પાસે શ્રેષ્ઠ ટેકનોલોજી હશે, તે જ વિશ્વ પર રાજ કરશે એમ તેમણે ઉમેર્યું હતું. નવીન ટેકનોલોજી અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે દેશ અને રાજ્યમાં થઈ રહેલા અવિરત વિકાસ અંગે વધુમાં વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સેમીકન્ડક્ટર ચિપ્સ જેવી વિદેશી ટેકનોલોજીને વડાપ્રધાનશ્રીએ ભારતમાં લાવીને દેશને આત્મનિર્ભર બનાવ્યો છે. ભારત સેમીકન્ડક્ટર ક્ષેત્રે વિશ્વનું હબ બનવા તરફ સતત આગળ વધી રહ્યું છે, જેમાં ગુજરાતના સાણંદ અને ધોલેરામાં સ્થાપિત થઈ રહેલા પ્લાન્ટ્સ મહત્વની ભૂમિકા ભજવશે. આપણા યુવા એન્જિનિયરો અને વિદ્યાર્થીઓ પાસે આજે રોબોટિક્સ અને ક્વોન્ટમ ટેક્નોલોજીમાં અનેક તકો રહેલી છે. નવી પેઢીના કૌશલ્ય વિશે વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે આપણો યુવા વર્ગ અત્યંત પ્રતિભાશાળી છે, જેના પુરાવા આજે શાળાના બાળકોએ બનાવેલા અદ્યતન રોબોટ્સ પરથી મળે છે. ગુજરાત આજે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં સતત સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે, જે દર્શાવે છે કે આપણા યુવા ફ્યુચર લીડર્સ નવા ભારતને ટેક્નોલોજી ક્ષેત્રે વિશ્વગુરુ બનાવવા માટે સજ્જ છે. મ્છઈઝના રોબોટિક્સ ડિવિઝનના હેડ સાયન્ટિસ્ટ અને રોબોફેસ્ટ ૫.૦ના ટેકનિકલ એડવાઈઝરી કમિટી ચેરમેન ડૉ. દેબાનિક રોયે આ પ્રસંગે જણાવ્યું હતું કે ગ્રાન્ડ ફિનાલે સુધી પહોંચેલી દરેક ટીમ વિજેતા છે, કારણ કે આ સ્પર્ધા માત્ર ઈવેન્ટ પૂરતી મર્યાદિત નથી પણ એક લાંબી લર્નિંગ જર્ની છે. છેલ્લા પાંચ વર્ષમાં 'રોબોફેસ્ટ' રાષ્ટ્રીય સ્તરની સૌથી મોટી સ્પર્ધા બની ગઈ છે, અને આવનારા સમયમાં તે દક્ષિણ-પૂર્વ એશિયાની પણ સૌથી મોટી ઈવેન્ટ બનશે તેવો મને વિશ્વાસ છે. આપણો દેશ ત્યારે જ પ્રગતિ કરશે જ્યારે આપણે સ્વદેશી ટેક્નોલોજી વિકસાવીશું. ગુજરાતનું સાયન્સ એન્ડ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ દેશમાં સૌથી વધુ સક્રિય છે, જે એપ્લિકેશન બેઝ્ડ રોબોટિક્સ દ્વારા વિદ્યાર્થીઓમાં મેન્યુઅલ સ્કિલ અને ટેકનિકલ અભિગમ કેળવી રહ્યું છે. GUJCOST ના એડવાઈઝર ડૉ. નરોત્તમ સાહુએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વના પરિણામે સાયન્સ સિટી આજે જિજ્ઞાસા અને સંશોધનનું કેન્દ્ર બની રહી છે. 'રોબોફેસ્ટ ગુજરાત ૫.૦' એ દેશની સૌથી મોટી રોબોટિક સ્પર્ધા છે, જેમાં આ વર્ષે વિક્રમજનક ૨,૦૯૬ જેટલી ટીમોએ ભાગ લીધો છે. રાજ્ય સરકારની નવી STI પોલિસી હેઠળ આપણે એક એવી ઈકોસિસ્ટમ બનાવી રહ્યા છીએ જ્યાં વિદ્યાર્થીઓના આઈડિયા પ્રોટોટાઈપમાં અને પ્રોટોટાઈપ વાસ્તવિક ટેકનોલોજીમાં રૂપાંતરિત થાય. આ સ્પર્ધા માત્ર હરીફાઈ નથી, પરંતુ ભવિષ્યના સ્ટાર્ટઅપ્સ અને ટેક્નોક્રેટ્સ તૈયાર કરવાનું એક સબળ માધ્યમ છે, જે આગામી સમયમાં 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરશે. 'રોબોફેસ્ટ-ગુજરાત ૫.૦' એ આ વર્ષે રાજ્યસ્તરેથી રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા તરીકે ઉભરી આવી છે, જેમા IIT મદ્રાસ, IIT કાનપુર અને IIT બોમ્બે જેવી દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા માત્ર એક હરીફાઈ જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓ માટે આઈડિયા જનરેશનથી લઈને વર્કિંગ પ્રોટોટાઈપ બનાવવા સુધીની એક સંપૂર્ણ શિખવાની સફર બની રહી છે. આ સફર દરમિયાન એક ઐતિહાસિક સિદ્ધિ તરીકે, સહભાગી ટીમો દ્વારા વિકસાવવામાં આવેલી નવીન ટેકનોલોજી માટે GUJCOST ના પેટન્ટ ઈન્ફોર્મેશન સેલ (PIC) દ્વારા એકસાથે ૨૦૦થી વધુ પેટન્ટ ફાઈલ કરવામાં આવી છે, જે વિદ્યાર્થી સ્તરની સ્પર્ધામાં એક નવો રેકોર્ડ છે. સમાપન સમારોહમાં 'રોબોફેસ્ટ-ગુજરાત ૫.૦' ના પાંચ વર્ષના સફર પર આધારિત એક વિશેષ ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં સહભાગી થયેલા ગુજરાત અને અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતે શ્રેષ્ઠ રોબોટિક મોડલ્સ બનાવનાર વિદ્યાર્થીઓને મંત્રીશ્રીના હસ્તે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી વિમલ પટેલ, રોબોફેસ્ટ ૫.૦ના ટેકનિકલ એડવાઈઝરી કમિટીના કો-ચેરમેન ડૉ.સુદીપ્તો મુખર્જી સહિત STEM ક્ષેત્રના નિષ્ણાતો, મેન્ટર્સ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રોબોફેસ્ટ-ગુજરાતઃ ટેકનોલોજી અને સર્જનાત્મકતાનો સંગમ

- રોબોફેસ્ટ ગુજરાત વિદ્યાર્થીઓને હેન્ડ્સ-ઓન STEM લર્નિંગ માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડે છે.
- આ વર્ષે AI હોમો-બોટ્સ, ઓટોનોમસ ડ્રાઇવિંગ અને અંડરવોટર વ્હીકલ જેવા સાત અત્યાધુનિક ક્ષેત્રોનો સમાવેશ કરાયો હતો.
- દેશભરમાંથી ૨,૦૯૬ થી વધુ ટીમોએ ભાગ લીધો હતો. જેમાંથી ૧૩૭ ટીમો ફાઈનલ પ્રોટોટાઈપ સ્ટેજ સુધી પહોંચી હતી.
- આ સ્પર્ધાનો મુખ્ય હેતુ રાજ્યમાં બૌદ્ધિક સંપદા (IPR) અને સ્ટાર્ટઅપ સંસ્કૃતિને મજબૂત બનાવવાનો છે.

ગ્રાન્ડ ફિનાલેમાં ભાગ લેનાર ટીમોની વિગતો

- ★જુનિયર લેવલ:★ આ કેટેગરીમાં કુલ ૧૧ સંસ્થાઓ (૮ શાળાઓ અને ૩ પોલિટેકનિક/ટેકનિકલ સંસ્થાઓ) માંથી ૧૩ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં કુલ ૫૨ સહભાગીઓ હતા, જેમાં ૪૫ છોકરાઓ અને ૭ છોકરીઓનો સમાવેશ થાય છે.

- ★સિનિયર લેવલ:★ આ કેટેગરીમાં કુલ ૧૦ સંસ્થાઓમાંથી ૧૨ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં કુલ ૪૮ સહભાગીઓ હતા, જેમાં ૪૧ છોકરાઓ અને ૭ છોકરીઓનો સમાવેશ થાય છે.

★વિવિધ કેટેગરીના મુખ્ય વિજેતાઓની વિગતો:★

સ્પર્ધામાં જૂનિયર અને સીનિયર સ્તરે વિવિધ અત્યાધુનિક કેટેગરીમાં વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા, જેની મુખ્ય વિગતો નીચે મુજબ છે:

★જુનિયર કેટેગરીમાં★ પ્રથમ વિજેતાને રૂ. ૫ લાખ, દ્વિતીય વિજેતાને રૂ. ૩ લાખ અને તૃતીય વિજેતાને રૂ. ૨ લાખના પ્રાઈઝ મની એનાયત કરવામાં આવ્યા હતા, જ્યારે કોન્સોલેશન પ્રાઈઝ તરીકે રૂ. ૧ લાખની રકમ આપવામાં આવી હતી.

★સિનિયર કેટેગરીમાં★ પ્રથમ વિજેતાને રૂ. ૧૦ લાખ, દ્વિતીય વિજેતાને રૂ. ૭.૫૦ લાખ અને તૃતીય વિજેતાને રૂ. ૫ લાખના પ્રાઈઝ મની એનાયત કરવામાં આવ્યા હતા.

★જૂનિયર લેવલ (Junior Level)ના વિજેતાઓ★

AI હોમોબોટ્સ (AI HomobOs):★ પ્રથમ વિજેતા - શ્રી વર્ધમાન વિદ્યાલય, મહેસાણા (રૂ. ૫.૦ લાખ) અને દ્વિતીય વિજેતા - ગવર્મેન્ટ પોલિટેક્નિક, જામનગર (રૂ. ૩.૦ લાખ).

★AI ઓટોનોમસ ડ્રાઈવિંગ બોટ્સ:★ પ્રથમ વિજેતા - દિલ્હી પબ્લિક સ્કૂલ, આણંદ (રૂ. ૫.૦ લાખ) અને દ્વિતીય વિજેતા - એમ. યુ. પટેલ ટેકનિકલ હાઈસ્કૂલ (રૂ. ૩.૦ લાખ).

★મેઝ સોલ્વિંગ રોબોટ (Maze Solving RobO):★ પ્રથમ વિજેતા - ક્લકત્તા બોયઝ સ્કૂલ (રૂ. ૫.૦ લાખ) અને દ્વિતીય વિજેતા -જી. એચ. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (રૂ. ૩.૦ લાખ).

★રોબો એથ્લેટિક્સ (robotic athletics):★ પ્રથમ વિજેતા - સેન્ટ કબીર સ્કૂલ, અમદાવાદ (રૂ. ૫.૦ લાખ) અને દ્વિતીય વિજેતા -SSV કેમ્પસ, ગાંધીનગર (રૂ. ૩.૦ લાખ).

★સીનિયર લેવલ (Senior Level)ના વિજેતાઓ★

★એરિયલ રોબોટિક્સ (Aerial RobOics):★ પ્રથમ વિજેતા -અજય કુમાર ગર્ગ એન્જિનિયરિંગ કોલેજ (રૂ. ૧૦.૦ લાખ) અને દ્વિતીય વિજેતા - BITS પિલાની (રૂ. ૭.૫ લાખ).

★ઓટોનોમસ અંડરવોટર વ્હીકલ (AUV):★ પ્રથમ વિજેતા - ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ, ગાંધીનગર (રૂ. ૧૦.૦ લાખ) અને દ્વિતીય વિજેતા - બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (રૂ. ૭.૫ લાખ).

★ઓટોનોમસ મેઝ સોલ્વર રોબોટ:★ પ્રથમ વિજેતા - નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (NIT), રાઉરકેલા (રૂ. ૧૦.૦ લાખ).

★ઈન્ટેલિજન્ટ ગ્રાઉન્ડ વ્હીકલ (IGV):★ પ્રથમ વિજેતા - પારુલ યુનિવર્સિટી (રૂ. ૧૦.૦ લાખ) અને દ્વિતીય વિજેતા -ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, નિર્મા યુનિવર્સિટી (રૂ. ૭.૫ લાખ).

★એપ્લિકેશન બેઝ્ડ કેટેગરી (IEEE R10):★ પ્રથમ વિજેતા - ચારુસેટ (CHARUSAT) યુનિવર્સિટી (રૂ. ૧૦.૦ લાખ) અને દ્વિતીય વિજેતા - મધુબેન એન્ડ ભાનુભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (રૂ. ૭.૫ લાખ).

# ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી અને સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા ગાંધીનગર ખાતે પ્રદેશ કારોબારી બેઠક યોજાઈ

## ભાજપે પોતાની વૈચારિક કટિબદ્ધતામાં ક્યારેય પીછેહઠ કરી નથી- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા








પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનહિતમાં કરેલા નિર્ણયોને જન જન સુધી પહોંચાડવા ઉપસ્થિત સૌને અપીલ કરતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં પ્રદેશ કારોબારી બેઠક ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ"કોબા ખાતે યોજાઈ ગઈ હતી. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ શહીદ દિવસ નિમિતે માં ભારતીની આઝાદી માટે પ્રાણ ન્યોછાવર કરનાર ક્રાંતિવીર ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને વંદન કરી ભારતીય લોકશાહીના ઈતિહાસમાં સૌથી લાંબા સમય ૮૯૩૧ દિવસ સુધી સરકારના વડા તરીકે નેતૃત્વ કરી નવો કીર્તિમાન સ્થાપવા બદલ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવ્યા હતા. ૬ એપ્રિલ, ૧૯૮૦ ભાજપની સ્થાપના થઈ અને તે આજે એક વટવૃક્ષ બન્યું છે. 'રાષ્ટ્ર પ્રથમ' ની ભાવના સાથે કાર્યરત આ સંગઠન લાખો કાર્યકર્તાઓ માટે પ્રેરણાસ્ત્રોત છે. તેઓએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી માત્ર એક પાર્ટી નહિ પણ એક વિચારધારા છે, ડૉ. શ્યામા પ્રસાદ મુખરજી અને પં. દીનદયાલજી ઉપાધ્યાયની દેશ સેવા અને જન સેવાની વિચારધારાને કેન્દ્રમાં રાખીને, પાર્ટીની પંચનિષ્ઠા અને એકાત્મ માનવ દર્શન દ્વારા છેવાડાના માનવી સુધી જનકલ્યાણની ભાવનાને વધુ ગતિશીલ બનાવવાનો ભાજપાનો હંમેશા પ્રયાસ રહ્યો છે. ભાજપા સુદ્રઢ, સમૃદ્ધ અને સ્વાવલંબી અને આધુનિક, પ્રગતિશીલ અને પ્રબુદ્ધ હોય એવા ભારતના નિર્માણ માટે પ્રતિબદ્ધ છે. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું હતુ કે, ભાજપા સ્થાપના કાળથી પાર્ટીનું લક્ષ્ય એક એવા લોકશાહી રાજ્યની સ્થાપના કરવાનું છે જેમાં જ્ઞાતિ, સંપ્રદાય અથવા લિંગના ભેદભાવ વિના તમામ નાગરિકોને રાજકીય, સામાજિક અને આર્થિક ન્યાય, સમાન તક તેમજ ધાર્મિક શ્રદ્ધા અને અભિવ્યક્તિની સ્વતંત્રતા સુનિશ્ચિત થઈ શકે. સંગઠન એ ભાજપાનો આત્મા છે અને કાર્યકર્તા ભાજપાની શક્તિ છે.

વિશ્વની સૌથી મોટી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે યુવાન શ્રી નીતિન નવીનજીને નેતૃત્વ સોંપાયું છે, તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષથી લઈને સંગઠનમાં યુવાનોને તક આપવામાં આવી રહી છે. બૂથ સમિતિ, બૂથ સ્તર સુધીની સક્રિયતા જ ભાજપની અજેય શક્તિનું રહસ્ય છે. તેમજ સંગઠનની સાચી તાકાત બૂથ પર છે. શ્રી વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું હતુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના છેવાડાના માનવીની સતત ચિંતા કરી છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અનેક ઐતિહાસિક પરિવર્તનોએ આકાર લીધા છે. આર્ટિકલ ૩૭૦ ની નાબૂદી, અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ, આતંકવાદ સામે સર્જિકલ સ્ટ્રાઈક, ઓપરેશન સિંદૂર, અને ટ્રિપલ તલાકની નાબૂદી જેવા નિર્ણયોએ રાષ્ટ્રીય સુરક્ષા અને સમાનતા સુનિશ્ચિત કરી છે. આયુષ્માન ભારત, ઉજ્જ્વલા યોજના અને પીએમ કિસાન સન્માન નિધિ જેવી યોજનાઓએ ખેડૂતો તેમજ સામાન્ય નાગરિકનું જીવન સરળ બનાવ્યું છે. આજે ભારત માત્ર એગ્રીકલ્ચર જ નહીં, પરંતુ ડિજિટલ, ગ્રીન, બ્લુ, સ્પીરીચ્યુઅલ અને ઓરેન્જ ઈકોનોમી ક્ષેત્રે વૈશ્વિક હબ બની રહ્યું છે. શ્રી વિશ્વકર્માએ ઉમેર્યું હતું કે, "A Man with Positivity" તરીકે જાણીતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સતત પ્રગતિના શિખરો સર કરી રહ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૪ની સફળતા, દેશની પ્રથમ 'સેમિકન્ડક્ટર પોલિસી', અને 'નમો લક્ષ્મી' તથા 'નમો સરસ્વતી' જેવી શિક્ષણલક્ષી યોજનાઓ રાજ્યના આધુનિકીકરણના સાક્ષી છે. ખેડૂતોના હિતમાં તાત્કાલિક ૧૦,૦૦૦ કરોડનું રાહત પેકેજ અને કિસાન સૂર્યોદય યોજના થકી સરકારે પોતાની સંવેદનશીલતા અને કટિબદ્ધતા સાબિત કરી છે. આજે રાજ્યમાં ૧૦૮ યુનિવર્સિટીઓ, ૩૫+ મેડિકલ કોલેજો અને શ્રેષ્ઠ રોડ નેટવર્ક તથા ડિજિટલ કનેક્ટિવિટી ઉપલબ્ધ છે.


ગુજરાતની જનતાએ હંમેશા ભાજપની વિકાસની રાજનીતિ પર વિશ્વાસ મૂક્યો છે. ૨૦૨૨ માં ઐતિહાસિક ૧૫૬ બેઠકો અને આજે ૧૬૨ ધારાસભ્યો સાથે ભાજપ ગુજરાતમાં જનતાના આશીર્વાદથી ખુબજ મજબૂત સ્થિતિમાં છે. તમામ ૮ મહાનગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને અંદાજિત ૯૫% સ્થાનિક સ્વરાજ્યની બેઠકો પર આજે ભાજપનો ભગવો લહેરાઈ રહ્યો છે. આ આંકડાઓ દર્શાવે છે કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દેશમાંથી જાતિવાદ, પરિવારવાદ અને ભ્રષ્ટાચાર નાબૂદ કરી વિકાસની રાજનીતિ પ્રસ્થાપિત કરી છે. ટૂંક સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે ત્યારે તમામ કાર્યકર્તાઓએ સરકારના વિકાસ કાર્યોનું રિપોર્ટ કાર્ડ લઈને જનતા વચ્ચે જવાનું છે. 'સેવા હી સંગઠન' ના મંત્ર સાથે, ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' ના નિર્માણ માટે ભાજપના દરેક કાર્યકર્તાને શત પ્રતિશત યોગદાન આપવા શ્રી વિશ્વકર્માએ આહવાન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતુ કે, વૈશ્વિક યુધ્ધની પરિસ્થતિમાં ૭૫ હજારથી વધુ ભારતીયોને દેશમાં સહીસલામત પરત લાવવામાં આવ્યા છે તેમજ અરાજકતા ભરેલી વૈશ્વિક પરિસ્થિતિમાં દેશ અવિરત પણે આગળ વધી રહ્યો છે જે આપણા માટે ગૌરવની વાત છે. ભારતીય જનતા પાર્ટી એક શિસ્તબદ્ધ પાર્ટી છે. જેમાં કાર્યકર્તાઓના ઘડતર માટે અનેક પ્રક્રિયાઓ છે. જેમાં સતત કાર્યકર્તાઓનું ઘડતર થાય છે. આથી જ પાર્ટીનો પ્રત્યેક કાર્યકર્તા રાષ્ટ્ર પ્રથમની ભાવના સાથે કામ કરતો હોય છે. તેઓએ પેટ્રોલ, ડીઝલને લગતી કોઈ પણ પ્રકારની અફવાઓથી દુર રહેવા, અફવાઓ ન ફેલાવા તેમજ ગેરમાર્ગે ન દોરાવા નાગરિકોને અપીલ કરી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યને દેશમાં અને દેશને વિશ્વમાં અગ્રીમ હરોળમાં મૂકવાનું કામ કર્યું. તેઓએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનહિતમાં કરેલા નિર્ણયોને જન જનસુધી પહોંચાડવા ઉપસ્થિત સૌને અપીલ કરી હતી. તેઓએ કહ્યું કે નજીકના સમયમાં ગુજરાત યુ.સી.સી. લાગું કરનાર દેશનું બીજું રાજ્ય બનશે. આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ગત પરિણામ કરતા પણ રેકોર્ડ બ્રેક પરિણામો મળે તે માટે સામૂહિક સંકલ્પબદ્ધ થવા આહવાન કર્યું હતું. સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીએ તેમના ઉદબોધનમાં સંગઠનાત્મક કાર્યક્રમ વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતુ કે ભાજપા લોકતાંત્રિક મૂલ્યો આધારિત પાર્ટી છે. સંગઠન શક્તિનો સકારાત્મક ઉપયોગ પર ભાર મુકતા કહ્યું હતું કે આગામી ૨૯ એપ્રિલે મંડલ સ્તરે "મન કી બાત ટિફિન કે સાથ" બેઠક યોજવામાં આવશે. જેમાં ભાજપા સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ ૫ એપ્રિલના રોજ યોજાનાર ઘર ઘર મહાસંપર્ક અભિયાનની રૂપરેખા - આયોજન નિશ્ચિત કરવામાં આવશે. ૬ એપ્રિલ ભાજપા સ્થાપના દિનના રોજ યુવા મોરચાના કાર્યકર્તાઓ ભાજપા વરિષ્ઠ પદાધિકારીઓના નિવાસ પર ભાજપા ધ્વજ લગાવશે અને સાંજે ૩ થી ૬ દરમ્યાન સ્થાપના દિનની ઉજવણી જિલ્લા કાર્યાલય પર કરવામાં આવશે. આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓના અનુસંધાને ભાજપા પ્રદેશના વિવિધ મોરચા દ્વારા આયોજિત થનાર વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમો વિશે તેઓએ વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રદેશ કારોબારીમાં અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલ પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સહિત ભાજપાના વરિષ્ઠ આગેવાનો, સમાજસેવકો, જન પ્રતિનિધિઓ તેમજ રાજ્યના હતભાગી નાગરિકોને શ્રદ્ધાંજલિ પાઠવી શોકઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ શ્રી ગૌતમભાઈ ગેડિયા દ્વારા રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની જનકલ્યાણકારી નીતિઓ બદલ અભિનંદન પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. આ અભિનંદન પ્રસ્તાવને શ્રી હર્ષદગિરિ ગોસ્વામી, શ્રી જશુભાઈ પટેલ અને શ્રીમતી કૈલાશબેન ગામીતે અનુમોદન આપ્યું હતું.

આ ઉપરાંત પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ચૂંટણી સમિતિ અને શિસ્ત સમિતિની રચના માટે પ્રદેશ અધ્યક્ષશ્રીને સત્તા આપવા પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેને પ્રદેશ કારોબારીએ એકસૂર અનુમોદન આપ્યું હતું. આ બેઠકમાં સ્વાગત પ્રવચન પ્રદેશ મહામંત્રીશ્રી ડૉ. પ્રશાંતભાઈ કોરાટે, સંચાલન પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ અને આભાર વિધિ પ્રદેશ મહામંત્રી શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી. પ્રદેશ મહામંત્રીશ્રી અનિરુદ્ધભાઈ દવે આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર ખાતે 'પોષણ સંગમ' અંતર્ગત એક દિવસીય કાર્યશાળા યોજાઈ

**કુપોષણમુક્ત ગુજરાતના સંકલ્પને સાકાર કરવા અધિકારીઓને અપાયું માર્ગદર્શન**



કમલમ્,

બાળકોના પોષણ સ્તરમાં સુધારો લાવવા અને કુપોષણને જડમૂળથી નાબૂદ કરવાના ઉમદા હેતુ સાથે GIDM, ગાંધીનગર ખાતે 'પોષણ સંગમ' કાર્યક્રમ અંતર્ગત એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ કાર્યશાળામાં આરોગ્ય અને આઈ.સી.ડી.એસ. વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યશાળા દરમિયાન પોષણ સંગમ કાર્યક્રમના અમલીકરણ માટે નક્કી કરવામાં આવેલા ૧૦ મહત્વપૂર્ણ પગલાંઓ અંગે વિગતવાર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. બાળકોના ગ્રોથ મોનિટરિંગ અને આરોગ્ય વિભાગ સાથેના સંકલન દ્વારા કુપોષિત બાળકોને સમયસર દવાઓ અને સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, 'પોષણ ટ્રેકર' એપ્લિકેશનનો પ્રભાવી ઉપયોગ અને ઘરઆધારિત સંભાળ દ્વારા છેવાડાના બાળક સુધી પહોંચવા માટે અધિકારીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વર્કશોપમાં સ્તનપાન કરાવતી માતાઓ માટે યોગ્ય આહાર, બાળકો માટે પૂરક પોષણ અને વિવિધ વિભાગો વચ્ચેના સંકલનને વધુ મજબૂત બનાવવા બાબતે ચર્ચા કરવામાં આવી હતી. સમુદાયની સહભાગિતા વધારીને કુપોષણના દરમાં કેવી રીતે ઘટાડો લાવી શકાય તે મુદ્દે પણ વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત સંબોધન કરતા કલેકટરશ્રી અને મ્યુનિસિપલ કમિશનરશ્રી જે. એન. વાઘેલાએ જણાવ્યું હતું કે, "સૌ સાથે મળીને કાર્યક્ષેત્રમાં કુપોષિત બાળકોની ઓળખ કરી, તેમને યોગ્ય માર્ગદર્શન અને સમયસર સારવાર પૂરી પાડીએ તે અનિવાર્ય છે. કુપોષણ દૂર કરીને જ આપણે 'વિકસિત ગુજરાત'ના સ્વપ્નને સાકાર કરી શકીશું." આ કાર્યશાળા દ્વારા જિલ્લામાં પોષણ અંગે જાગૃતિ વધશે અને આગામી સમયમાં કુપોષણના દરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.જે પટેલ, અમદાવાદ ઝોનના વિભાગીય નાયબ નિયામકશ્રી તેમજ યુનિસેફ સંસ્થાના પ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# રોટરી કલબ ડીસા ડીવાઈન દ્વારા રોટરી ડીસ્ટ્રીક વુમન કોન્ફરન્સ એજ્યુકેશન મંત્રી રીવા બા જાડેજા ની અદયક્ષતામા યોજાઈ



કમલમ્,આનંદ ઠક્કર

રોટરી ડીસ્ટ્રીક્ટ ૩૦૫૫ ના ડીસ્ટ્રીક ગવર્નર રોટે નિગમ ચૌધરી દ્વારા ડીસા ખાતે તા. ૨૧-૨૨ માર્ચ ના રોજ વિશ્વતારા રીસોર્ટ મા ડીસ્ટ્રીકટ વુમન કોન્ફરન્સ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ. રોટરી કલબ ડીસા ડીવાઈન દ્વારા આ ડીસ્ટ્રીકટ વુમન કોન્ફરન્સ ને હોસ્ટ કરવામા આવી હતી. રોટરી કલબ ડીસા ડીવાઈન ના પ્રેસિડન્ટ રોટે ડો અવની ઠકકરે જણાવ્યુ કે આ વુમન કોન્ફરન્સ મા ગુજરાત સરકાર ના એજ્યુકેશન મંત્રી (રાજ્ય કક્ષા) મા. રીવા બા જાડેજાએ ચીફ ગેસ્ટ તરીકે હાજરી આપી હતી. ગુજરાત સરકાર ના વન અને પર્યાવરણ મંત્રી (રાજ્ય કક્ષા) મા. પ્રવિણભાઈ માળીએ ગેસ્ટ ઓફ ઓનર તરીકે હાજરી આપી હતી. રોટરી ડીસ્ટ્રીકટ ૩૦૫૫ મા પ્રથમવાર ડીસ્ટ્રીકટ ગવર્નર રોટે નિગમ ચૌધરી દ્વારા વુમન કોન્ફરન્સ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ડીસ્ટ્રીકટ ૩૦૫૫ ની ૩૫ જેટલી રોટરી ક્લબ માથી ૧૫૦ થી વધુ બહેનો એ આ કોન્ફરન્સ મા ભાગ લીધો હતો. રોટરી કલવ ડીસા ડીવાઈન ના પ્રેસીડેન્ટ રોટે ડો અવની ઠક્કર અને એમની ટીમ દ્વારા આ કોન્ફરન્સ ને હોસ્ટ કરી હતી તેમજ વ્યવસ્થા સંભાળી હતી. જેમા વિવિધ સ્પીકર દ્વારા વુમન એમ્પાવરમેન્ટ વિશે સ્પીચ આપવામા આવી હતી. મંત્રી શ્રી રીવા બા જાડેજા એ જણાવ્યુ હતુ કે મહીલાઓ ના સશક્તીકરણ માટે મહીલાઓ ને મુકત મંચ આપો મહીલાઓ સશક્ત બની જ જાશે. મંત્રી શ્રી પ્રવિણભાઈ માળી એ જણાવ્યુ કે ઈતિહાસ મા નજર કરો સમાજ ને જ્યારે જરુર પડી છે ત્યારે મહીલાઓ લીડર બની ને આગળ આવી જ છે. મહીલા ને કામ કરવા ની તક આપો. રોટરી પ્રેસીડેન્ટ રોટે ડો અવની ઠકકર દ્વારા રાત્રે વિવિધ થીમ પર રેમ્પ વોક નુ આયોજન કરવામા આવ્યુ હતુ. પર્યાવરણ બચાવો, ઓર્ગન ડોનેશન, હુ સ્ત્રી એક શક્તિ છુ, કેન્સર અવેરનેશ જેવા સંદેશ સાથે ૭૦ થી વધુ મહીલાઓ સોલો તેમજ ગ્રુપ રેમ્પવોક કર્યુ હતુ. અને સમાજીક જાગ્રતિ માટે પ્રયાસ કર્યો હતો. ડીસ્ટી. ગવર્નર નિગમ ચૌધરીએ જણાવ્યુ હતુ કે રોટરી સમાજ ની સેવા કરતી ઈન્ટરનેશનલ સંસ્થા છે. ઘણી મહીલાઓ આ સંસ્થા સાથે જોડાયેલ છે.

રોટરી ડીસ્ટ્રીકટ મહીલાઓ ને સશક્ત કરવા માટે આ કોન્ફરન્સ એ એક અનુઠો પ્રયાસ છે. ડીસ્ટરીકટ ૩૦૫૫ મા વુમન કોન્ફરન્સ પહેલી વાર યોજાઈ છે. પ્રેસીડેન્ટ રોટે ડો અવની ઠકકરે જણાવ્યુ કે અમારી કલબ વુમન કલબ છે. વુમન માટેની ડીસ્ટ્રીકટ કોન્ફરન્સ હોસ્ટ કરવાનો અમને મોકો મળ્યો એનો મને ગર્વ છે. ડીસ્ટ્રીકટ ગવર્નર રોટે નિગમ ચૌધરી એ અમારા પર ભરોસો મુકી ને કોન્ફરન્સ ને હોસ્ટ કરવાની જવાબદારી આપી એના માટે હુ અને મારી ક્લબ એમના આભારી છીએ. આ કોન્ફરન્સ મા બે શેષન ની વચ્ચે બૌધીક ગેમ અને ક્વીઝ રાખવામા આવી હતી . ૬૦ થી વધુ વિજેતા બહેનો ને ઈનામ નુ વિતરણ પણ કરવામા આવ્યુ હતુ . આમ બહેનો ને માર્ગદશર્ન સાથે ફન અને બૌધીક ગેમ રમાડી ને કોન્ફરન્સ ને રસપ્રદ બનાવવા પ્રેસીડેન્ટ રોટે ડો અવની ઠક્કર અને અમની ટીમ દ્વારા પ્રયાસ કરવા મા આવ્યો હતો. આ કોન્ફરન્સ મા પીડીજી મેહુલ રાઠોડ, પીડીજી અશોક મંગલ , ડીજીઈ નૈમેશ રવાની , ડીજીએન શ્યામ કુમાર , રોટરી કલબ ની મેમ્બરસ, ઈનર્વેલ મેમ્બર્સ, રોટરી સ્પાઉસ એ હાજરી આપી હતી. કોન્ફરન્સ કાઉન્સીલર રોટે પ્રજ્ઞા ચૌધરી, રોટે ભાવના રોઠોડ , રોટે નીતા વ્યાસ , રોટે ઉમા બેન દ્વારા જ્યુરી ની ભુમીકા નિભાવવા મા આવી હતી. સેક્રેટરી રોટે ડો નિકેતા ઠકકર દ્વારા આભાર વીધી કરવા મા આવી હતી. કોન્ફરન્સ કમીટી મેમ્બર રોટે ડો વર્ષા પટેલ, રોટે ડો બીનલ માળી , રોટે ડો રીટા પટેલ , રોટે દીપીકા પટેલ , રોટે કીંજલ ઠકકર, તેમજ રોટરી કલબ ડીસા ડીવાઈન ની બહેનો એ પોગ્રામ ને સફળ બનાવવા મહેનત કરી હતી.



**કમલમ્,વિસનગર**

**સાંકળચંદ યુનિવર્સિટીના નૂતન કોલેજ ઓફ નર્સિંગ દ્વારા બી.એસી. નર્સિંગના સાતમા સેમિસ્ટરના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ક્ષયરોગ દિવસના નિમિત્તે સ્નેહ કુટીર વૃધ્ધાશ્રમ મેહસાણા ખાતે વિદ્યાર્થીઓ ક્ષયરોગ વિષે જાગૃતિ આવે એ હેતુથી તેમના સમક્ષ bow song શો કરી, રાષ્ટ્રીય ક્ષયરોગ દિવસની તારીખ ૨૪ માર્ચ ૨૦૨૬, સવારે ૧૦ વાગ્યેના રોજ ઉજવણી કરી હતી. જેમાં ૨૦૨૬ માં રાષ્ટ્રીય ક્ષયરોગ દિવસની થીમ છે, હા, આપણે ભારતના નેતૃત્વમાં ટીબીનો અંત લાવી શકીએ છીએ. લોકો અને સમુદાય દ્વારા સંચાલિત. "તેમાં તેમાં બધાજ વૃદ્ધ લોકો એ આ શો નિહાળ્યો હતો. આ કાર્યક્રમ સામુદાયિક આરોગ્ય વિભાગ, નૂતન કોલેજ ઓફ નર્સિંગ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ બધા માટે ખુબ જ અસરકારક રહ્યો હતો. આ કાર્યક્રમમાં નૂતન કોલેજ ઓફ નર્સિંગના ફેકલ્ટી પ્રો. બ્યુલા એસ એસ , ડો. રાજેશ્વરી માલવિયા , ભૂમિકા પરમાર, ભારવી પટેલ, , ઊર્મિલા પટેલ, નિયામી રાજગોર ઉપસ્થિત રહ્યાં હતાં. કોલેજના પ્રિન્સિપાલ ડો. શિવાસુબ્રમણયમએ સામુદાયિક આરોગ્ય નર્સિંગના હેડ, કોલેજના પ્રો. બ્યુલાનો આભાર વ્યક્ત કર્યો હતો. જે બદલ સાંકળચંદ યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો. પી. એમ. ઉદાણી, નૂતન કોલેજ ઓફ નર્સિંગના પ્રિન્સિપાલ ડો. શિવાસુબ્રમણયમ, વાઈસ પ્રિન્સિપાલ ડો. મહાલક્ષ્મી, પ્રો. બ્યુલા તેમજ તમામ ફેકલ્ટીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.**

# મુંદરાની પીટીસી કોલેજમાં 'વિશ્વ ટીબી દિવસ'ની ભવ્ય ઉજવણી

**'ટીબી હારેગા, દેશ જીતેગા'ના નાદ સાથે ભાવી શિક્ષિકાઓએ જનજાગૃતિનો સંકલ્પ લીધો**



કમલમ્,મુંદરા,

તાજેતરમાં મુંદરાની શેઠશ્રી લખમશી નપુ ડી.એલ.એડ. (પી.ટી.સી.) કોલેજ ખાતે વિશ્વ ટીબી દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મુંદરા-બારોઈના મેડિકલ ઓફિસર ડૉ. તુષાર કલસરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ રાજેન્દ્ર કુબાવતે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને પુસ્તક તથા પુષ્પગુચ્છ દ્વારા તમામનું સન્માન કરાયું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કર્યા બાદ મુંદરા તાલુકાના હટડી ગામને 'ટીબી મુક્ત પંચાયત' જાહેર કરવામાં આવતા પંચાયત પ્રતિનિધિ જગદીશગીરી ગુંસાઈનું ગાંધીજીની પ્રતિમા આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં કોલેજની વિદ્યાર્થીનીઓએ 'ટીબી હારેગા દેશ જીતેગા', 'કુદરતી આપત્તિ વ્યવસ્થાપન', 'વ્યક્તિગત સ્વચ્છતા' તથા 'સામાજિક જાગૃતિમાં શિક્ષકનું મહત્વ' જેવા વિષયો પર પ્રભાવશાળી વિચારો રજૂ કર્યા હતા. સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમાંકે અનુક્રમે રીયલબેન હેઠવાડિયા, પૂજાબેન પ્રકાશચંદ્ર ઠક્કર તથા યશ્વીબેન વાઘમશી વિજેતા જાહેર થતા તેમને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. આ ઉપરાંત ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર માનસીબેન પટેલ, આયુષીબા જાડેજા, જાનસીબેન રાજન અને પાયલબા જાડેજાને પણ પ્રમાણપત્ર અને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરાયા હતા. સમગ્ર સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડો. તુષાર કલસરીયા, ખુશ્બુબેન અસારી તથા કિરીટ જોશીએ સેવા આપી હતી. તાલુકા ટીબી સુપરવાઈઝર મેઘજીભાઈ સોધમે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ભાવી શિક્ષિકાઓને ટીબીના લક્ષણોથી લઈ સારવાર સુધીની તકનીકી માહિતી આપી હતી. આ પ્રસંગે પ્રિન્સિપાલ રાજેન્દ્ર કુબાવતે ખાતરી આપી હતી કે કોલેજની તાલીમાર્થીઓ આગામી સમયમાં આદર્શ શિક્ષિકા તરીકે 'ટીબી મુક્ત ભારત' અભિયાનમાં પાયાની ભૂમિકા ભજવશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીની યશ્વીબેન વાઘમશી દ્વારા અને આભાર વિધિ અધ્યાપક કિરીટ જોશીએ કરી હતી. હેલ્થ સુપરવાઈઝર પ્રકાશભાઈ ઠક્કરએ કાર્યક્રમનું સંકલન કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા જવાહરભાઈ નાથાણી, મહેન્દ્રભાઈ વાઘેલા, મંજુલાબેન મેઘાણી, રૂબીનાબેન કેવર, સમીર અધિકારી તથા એમ. જે. સુમરાએ જહેમત ઉઠાવી હતી. અંતમાં આરોગ્ય કેન્દ્ર તરફથી તમામ તાલીમાર્થીઓને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું ડિકીન યુનિવર્સિટી-ગિફ્ટકેમ્પસની પ્રથમ ગ્રેજ્યુએટ બેચના દીક્ષાંત સમારોહમાં પ્રેરક સંબોધન

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના એજ્યુકેશન સેક્ટરનું ગ્લોબલ નીડ બેઝ્ડ ટ્રાન્સફોર્મેશન થયું છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ









કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના એજ્યુકેશન સેક્ટરનું ગ્લોબલ નીડ બેઝ્ડ ટ્રાન્સફોર્મેશન થયું છે. આ માટે તેમણે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં તેમણે ડિજિટલ અને ટેકનોલોજી ડ્રીવન એજ્યુકેશન પર મૂક્યો છે તેની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ઓસ્ટ્રેલિયન ડિકીન યુનિવર્સિટીના ગિફ્ટ કેમ્પસની પ્રથમ ગ્રેજ્યુએટ બેચના દીક્ષાંત સમારોહમાં પ્રેરક સંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે ડિગ્રી પ્રાપ્ત કરી રહેલા યુવાઓને તથા ડિકીન યુનિવર્સિટીને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે, ભારતમાં આંતરરાષ્ટ્રીય શાખા કેમ્પસ તરીકે ડિકીન યુનિવર્સિટીએ જે યાત્રા શરૂ કરી છે તેના ગિફ્ટ સિટી કેમ્પસમાં ગ્રેજ્યુએટ થયેલી પ્રથમ બેચનો દીક્ષાંત સમારોહ માત્ર ડિગ્રી એનાયત કરવાનો અવસર નહિ, પણ ભારતનું ગ્લોબલ નોલેજ સેન્ટર તરીકે જે પરિવર્તન થયું છે તેને વિશ્વ સમક્ષ ઉજાગર કરવાનો પ્રસંગ છે. આ દીક્ષાંત સમારોહ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વધતી ભાગીદારીનું પણ પ્રતિબિંબ છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ વસુધૈવ કુટુમ્બકમની ભાવના સાથે વિશ્વ કલ્યાણનો રાહ ચીંધ્યો છે અને તેમના માર્ગદર્શનમાં ગુજરાત ટ્રેડ એન્ડ ટ્રેડિશનથી આગળ વધીને ગ્લોબલ ઈકોનોમિક અને નોલેજ સેન્ટર તરીકે ઉભરી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રીકાળથી ગુજરાતે શિક્ષણ ક્ષેત્રમાં અનેક નવા સોપાનો સર કર્યા છે. તેમણે આગવા વિઝનથી વર્લ્ડમાં જે બેસ્ટ હોય તે ગુજરાતના યુવાનો વિદ્યાર્થીઓને ઘર આંગણે મળે તેવો અભિગમ અપનાવ્યો. તેના પરિણામે રાજ્યમાં ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી, મેરીટાઈમ યુનિવર્સિટી અને રક્ષાશક્તિ તથા નેશનલ લૉ યુનિવર્સિટી જેવી સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઝ શરૂ થઈ છે. વધુમાં તેમણે જણાવ્યું કે, ગિફ્ટ સિટી પણ વડાપ્રધાનશ્રીના આગવા વિઝનનું જીવંત ઉદાહરણ છે તેથી ગિફ્ટ સિટીમાં ફાઈનાન્સિયલ સર્વિસીસ, ટેકનોલોજી અને એજ્યુકેશનનું અનોખું સંકલન થયું છે અને ૪ ફોરેન યુનિવર્સિટી કાર્યરત થઈ છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશમાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં સતત વધારો થયો છે તેનો ઉલ્લેખ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો. આ અંગે તેમણે કહ્યું કે, ૨૦૧૪માં દેશમાં ની સંખ્યા ૧૬ હતી તે વધીને આજે ૨૩ થઈ છે, IITના ગ્લોબલ કેમ્પસ પણ શરૂ થયા છે. IIMની સંખ્યા ૧૩ હતી તે વધીને ૨૧ થઈ છે અને એઈમ્સની સંખ્યા પણ ૭ થી વધીને ૨૦ થઈ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં ભારતના પ્રદર્શનમાં સતત સુધારો થયો છે. એટલું જ નહિ, ઈન્ટર્નશિપ, એપ્રેન્ટિસશિપ અને સ્કિલ આધારિત કોર્સીસના માધ્યમથી "મેક ઈન ઈન્ડિયા" અને "સ્ટાર્ટઅપ ઈન્ડિયા" સાથે સંકલનથી શિક્ષણને ઉદ્યોગ સાથે જોડીને યુવાઓને આત્મનિર્ભર બનવાની તક પૂરી પાડી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ભારતે છેલ્લા એક દાયકાથી ગ્લોબલ નોલેજ અને એજ્યુકેશન સેક્ટર માટે જે ક્રાંતિકારી પગલાં ભર્યા છે તેની સાક્ષી આ સમારોહ પૂરે છે તેમ પણ તેમણે જણાવ્યું હતુ. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ સ્વયમ અને દીક્ષા ઓનલાઈન એજ્યુકેશન પ્લેટફોર્મ્સ જેવા લર્નિંગ ઈનિશિએટિવ્ઝ, ફોરેન યુનિવર્સિટીઓ અને આંતરરાષ્ટ્રીય સહકારને પ્રોત્સાહન તેમજ રિસર્ચ, ઈનોવેશન અને સ્કિલ ડેવલપમેન્ટ પર ભાર મૂક્યો છે. વડાપ્રધાનશ્રીએ પોતાના આગવા વિઝન સાથે "સ્ટડી ઈન ઈન્ડિયા", "ગ્લોબલ ઈનિશિયેટિવ ઓફ એકેડેમિક નેટવર્ક્સ (GIAN)" જેવા પ્રકલ્પોથી ભારતને વર્લ્ડ એજ્યુકેશનલ હબ બનાવવા માટે મજબૂત પાયો રચ્યો છે તેના પરિણામે ભારતની પ્રતિભા અને સંભાવનામાં દુનિયાનો વિશ્વાસ આજે સ્પષ્ટ રીતે વધી રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન અને નેતૃત્વમાં તૈયાર થયેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ દ્વારા શિક્ષણને ગ્લોબલ સ્ટાન્ડર્ડ્સ સાથે જોડવામાં આવ્યું છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલૉજી (NIFT), નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID), IIT- ગાંધીનગર, ડીએ-આઈઆઈસીટી, નાઈપર જેવી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ ગાંધીનગરમાં કાર્યરત થઈ છે તેના પરિણામે ગાંધીનગર એજ્યુકેશનલ હબ બન્યુ છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ગૌરવભેર જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભપેન્દ્ર પટેલે ગ્રેજ્યુએશનની ડિગ્રી મેળવી રહેલા યુવાઓને અભ્યાસ દરમિયાન પ્રાપ્ત કરેલા જ્ઞાન, કૌશલ્ય અને વૈશ્વિક અનુભવ ભવિષ્યમાં રાષ્ટ્ર પ્રથમના ભાવ સાથે અગ્રેસર રહેવા અનુરોધ કર્યો હતો.

# નાણાકીય શિસ્તમાં ગુજરાત અવ્વલ; છેલ્લા ૨૨ વર્ષથી રાજ્ય સરકારે એકપણ ઓવરડ્રાફ્ટ લીધો નથી: નાણા મંત્રી કનુભાઈ દેસાઈ



કમલમ્,

ગુજરાત વિધાનસભા ખાતે નાણા વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચામાં સહભાગી થતા નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતનું ઐતિહાસિક અંદાજપત્ર તૈયાર કરવામાં આવ્યું છે. રાજ્યનો નાણા વિભાગ નિયત માપદંડો અને સુશાસનની પરંપરાઓ મુજબ નાણાકીય વ્યવસ્થાપન કરી નાણાકીય શિસ્તનું કડક પાલન કરી રહ્યો છે. મંત્રીશ્રીએ વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાત રાજવિત્તીય અધિનિયમના માપદંડો મુજબ, ગુજરાતે વર્ષ ૨૦૨૪-૨૫માં મહેસૂલી ખાધના 'શૂન્ય'ના લક્ષ્યાંકની સામે રૂ.૧૮,૯૪૩ કરોડની મહેસૂલી પુરાંત સિદ્ધ કરી છે અને વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજમાં રૂ.૨૫,૫૮૭ કરોડની મહેસૂલી પુરાંત જાળવી રાખવાનો અંદાજ છે. ફિસ્કલ ડેફિસિટ રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદન એટલે કે, GSDPના ૩ ટકાની મર્યાદામાં રાખવાની રહે છે, જેની સામે રાજ્યની રાજવિત્તીય ખાધ ૨૦૨૬-૨૭ના અંદાજ અનુસાર GSDPના માત્ર ૧.૯૭ ટકા અંદાજવામાં આવી છે. રાજ્યના દેવા અંગે સ્પષ્ટતા કરતા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યનું દેવું રાજ્યના વિકાસકાર્યો માટેનું એક સંશાધન છે અને ગુજરાતે દેવાની ચૂકવણીમાં ક્યારેય ચૂક કરી નથી. રાજ્યનું કુલ દેવું રાજ્યના GSDPના ૨૭.૧૦ટકાની મર્યાદામાં રાખવાનું રહે છે, જેની સામે રાજ્યનું કુલ દેવું વર્ષ ૨૦૨૪-૨૫માં GSDPના ૧૩.૮૭ ટકા જ રહ્યું છે. જે વર્ષ ૨૦૨૬-૨૭મા GSDP ના ૧૪.૬૫ ટકા રહેવાનો અંદાજ છે. રાજ્યના અસરકારક નાણાકીય સંચાલનના પરિણામે દેવાનું પ્રમાણ સતત ઘટી રહ્યું છે. ૧૫મા નાણાપંચની મુદત પૂર્ણ થયા બાદ એપ્રિલ-૨૦૨૬થી ૧૬મા નાણાપંચની ભલામણોનો અમલ શરુ થશે. ૧૫મા નાણાપંચની સાપેક્ષમાં ૧૬મા નાણાપંચ અંતર્ગત કેન્દ્રીય વેરામાં ગુજરાતનો હિસ્સો ૩.૪૭૮ ટકાથી વધીને ૩.૭૫૫ ટકા નિર્ધારિત થયો છે. જે પ્રમાણે ગુજરાતને વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ. ૫૭,૩૧૧ કરોડ ગ્રાન્ટ મળવાનો અંદાજ છે. નાણાપંચ અંતર્ગત શહેરી અને ગ્રામ્ય સ્વરાજ્યની સંસ્થા તથા અન્ય વિભાગોને ફાળવવામાં આવતી કુલ ગ્રાન્ટોમાં ગુજરાતને વર્ષ ૨૦૨૬-૨૭ માટે આશરે ૧૧.૬૬ ટકાના વધારા સાથે રૂ.૬,૯૯૯ કરોડ ગ્રાન્ટ મળવાનો અંદાજ છે. રાજ્ય સરકારના અસરકારક નાણાકીય સંચાલન અને કુશળ નાણાકીય વ્યવસ્થાપનને કારણે છેલ્લા ૨૨ નાણાકીય વર્ષથી ગુજરાતે એકપણ ઓવરડ્રાફ્ટ લીધો નથી અને છેલ્લા ૨૧ નાણાકીય વર્ષથી એકપણ સાધનોપાય પેશગી પણ લીધી નથી, તેમ તેમણે ઉમેર્યું હતું. વિકાસના રોડમેપ અંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને પરિપૂર્ણ કરવા ગુજરાત સરકારે "વિકસિત ગુજરાત ૨૦૪૭"નો સર્વાંગી અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ રોડમેપ તૈયાર કર્યો છે. આ રોડમેપ રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ સાથે સુસંગત રીતે રાજ્યના સર્વાંગી, સંતુલિત અને ટકાઉ વિકાસને આગળ ધપાવવાનું કામ કરશે. જીએસટી અંગેના સુધારા વર્ણવતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ GST 2.0 સુધારાની જાહેરાત કરીને ચીજ વસ્તુઓ અને સેવાઓ પર જીએસટી વેરાના દરમાં નોંધપાત્ર ઘટાડો તેમજ જીએસટી સરળીકરણની જાહેરાત કરી છે. નવરાત્રીના પ્રથમ દિવસથી જીએસટી વેરાના દરમાં થયેલ ઘટાડાના અમલીકરણના પગલે રાજ્યની જનતાને એક વર્ષમાં રૂ. ૧૧,૦૦૦ કરોડના જીએસટી વેરાની બચત થકી સીધો લાભ થશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, જૂન, ૨૦૧૭માં જીએસટીની અમલવારી થઈ તે સમયે રાજ્યમાં કરદાતાઓની સંખ્યા ૫,૦૮,૮૬૩ હતી, જે આજે વધીને ૧૩,૮૨,૩૪૨ થઈ છે. એટલે કે, રાજ્યના કરદાતાઓની સંખ્યામાં ૧૭૨ ટકાથી વધુનો વધારો થયો છે. નિયત સમયમર્યાદામાં જીએસટી પત્રક ભરવામાં રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત સતત પાંચ વર્ષથી પ્રથમ ક્રમે રહ્યું છે. જે ગુજરાતના કરદાતાઓની શિસ્તબદ્ધતા અને રાજ્યવેરા વિભાગના સહિયારા પ્રયાસોથી શક્ય બન્યું છે. જીએસટી વેરાના દરમાં ઘટાડો થવા છતાં જીએસટી સરળીકરણ અને રાજ્યવેરા વિભાગની કામગીરીના પરિણામે ટેક્ષબેઝ તથા ટેક્ષ કોમ્પ્લાયન્સમાં થયેલા વધારાના પરિણામે ગુજરાતને ચાલુ વર્ષે જીએસટીની આવકમાં ૧૩ ટકાની વૃદ્ધિ થઈ છે. એપ્રીલ-૨૦૨૫થી ફેબ્રુઆરી-૨૦૨૬ સુધી જીએસટી, વેટ, ઈલેક્ટ્રીસીટી ડ્યુટી, પ્રોફેશનલ ટેક્ષ સાથે મળીને રાજ્ય સરકારને કુલ રૂ.૧,૧૫,૪૨૧ કરોડની આવક થઈ છે. કરદાતાની વર્કીંગ કેપીટલ બ્લોક ન થાય અને કરદાતાઓને ઝડપી રિફંડ મળી રહે તે હેતુસર જોખમના મૂલ્યાંકનના આધારે કરદાતા દ્વારા દાવો કરાયેલા રિફંડના ૯૦ ટકા રકમને માત્ર ૭ દિવસમાં પ્રોવિઝનલ રિફંડ તરીકે ચૂકવવાની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. અગાઉ ગિફ્ટ સિટીમાં આવતી તમામ કંપનીઓને ૧૫ વર્ષના બ્લોકમાં સળંગ ૧૦ વર્ષ માટે ૧૦૦ ટકા ટેક્સ માફી મળતી હતી. ગિફ્ટ સીટીમાં રોકાણ કરતી તમામ કંપનીઓને લાંબા ગાળાની સ્થિરતા આપવા માટે આ મર્યાદા વધારીને ૨૫ વર્ષના બ્લોકમાં સળંગ ૨૦ વર્ષ સુધી સંપૂર્ણ ઈક્મટેક્સ માફી આપવામાં આવી છે. સામાજિક સુરક્ષા અંગે મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ૧૫ વિભાગોની ૩૬૭ યોજનાઓ હેઠળ નાણાકીય સહાય ડીબીટી દ્વારા આપીને ગુજરાત દેશમાં અગ્રેસર રાજ્ય બની રહ્યું છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૬.૩૦ કરોડ લાભાર્થીઓને રૂ.૨૧,૩૮૭ કરોડ DBT ના માધ્યમથી ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. વીમા નિયામક કચેરી દ્વારા ગુજરાત સામુહિક જૂથ જનતા અકસ્માત વીમા યોજના અંતર્ગત રાજ્યના ૪.૧૨ કરોડ લોકોને સમાવવામાં આવ્યા છે. ફેબ્રુઆરી ૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ૧૭,૪૪૫ લાભાર્થી પરિવારોને રૂ. ૩૧૦.૮૩ કરોડની વિમા રકમની ચુકવણી કરવામાં આવી છે, તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. નવી ટેકનોલોજી અંગે મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે, આ વર્ષે રાજ્યનું બજેટ તૈયાર કરવાની પ્રક્રિયાને વધુ સુગમ અને ડિજિટલ બનાવવા હેતુસર નવું બજેટ પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે. આ પોર્ટલ તથા IFMS 3.0 પ્રોજેક્ટ રાજ્યની નાણાકીય વ્યવસ્થાપન પદ્ધતિને આધુનિક અને વધુ અસરકારક બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે. વિધાનસભા ગૃહમાં વિસ્તૃત ચર્ચાના અંતે નાણા વિભાગની આ અંદાજપત્રીય માંગણીઓ પસાર કરવામાં આવી હતી.

# શહેરી વિકાસ માટે 'ગ્રોથ એન્જિન' બનશે ગુજરાત: શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ

## મેટ્રો ફેઝ-૩ હેઠળ થલતેજથી ગોધાવી અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી એરપોર્ટ સુધી ૫૮.૫૩ કિમીનું વિસ્તરણ કરાશે

કમલમ્,

વિધાનસભા ગૃહમાં શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓની પર ચર્ચા કરતા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે ભારતના શહેરી વિકાસનું 'ગ્રોથ એન્જિન' બન્યું છે. રાજ્યની ૪૮ ટકા વસ્તી શહેરોમાં વસે છે, જેને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૩૩,૫૦૪ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ બજેટ માત્ર ખર્ચ નથી, પરંતુ ગુજરાતના શહેરી ભવિષ્યમાં કરાયેલું રોકાણ છે. મંત્રીશ્રી દેસાઈએ કહ્યું કે મોટા શહેરોમાં મેટ્રોની કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવવા માટે અમદાવાદ મેટ્રો ફેઝ-૩ હેઠળ થલતેજથી ગોધાવી અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી એરપોર્ટ સુધી ૫૮.૫૩ કિમીનું વિસ્તરણ કરવામાં આવશે. આ મેટ્રો પ્રોજેક્ટ્સ માટે કુલ રૂ. ૨૨૧૭.૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શહેરોમાં સ્વદેશી ચીજવસ્તુઓના વેચાણને પ્રોત્સાહન આપવા માટે 'નમો સ્વદેશી અર્બન મોલ્સ' અને મેળાઓના આયોજન માટે કુલ રૂ. ૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શેરી ફેરિયાઓ માટે ૪૩ સ્થળોએ આધુનિક માર્કેટ બનાવવા 'ઝસ મોર્ડન સ્ટ્રીટ વેન્ડિંગ માર્કેટ યોજના' હેઠળ રૂ.૮૦ કરોડ ફાળવાયા છે. ગુજરાત આજે વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના એવા તબક્કે પ્રવેશ કરી ચૂક્યું છે જ્યાં શહેરો માત્ર વિસ્તરી નથી રહ્યા, પરંતુ વ્યવસ્થિત, માનવકેન્દ્રિત અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બની રહ્યા છે. અમે રસ્તા, મેટ્રો-રેલ, એરપોર્ટ અને ડિજિટલ સિસ્ટમ્સને અલગ-અલગ નહીં, પરંતુ એક સર્વાંગી શહેરી વિકાસના ભાગરૂપે આગળ વધારી રહી છે. આ વિકાસ માત્ર આજની જરૂરિયાતો પૂરતો મર્યાદિત નથી, પરંતુ આવનારા દાયકાઓ માટે ભવિષ્યલક્ષી શહેરો તૈયાર કરવાનો મજબૂત આધારસ્તંભ છે. સ્માર્ટ પાર્કિંગ, ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ અને લાસ્ટ માઈલ કનેક્ટિવિટી દ્વારા શહેરોમાં ટ્રાફિકની સમસ્યાઓનો ઉકેલ લાવવામાં આવી રહ્યો છે. શહેરોમાં આર્થિક ક્ષમતા અને ઐતિહાસિક મૂલ્ય ધરાવતા 'કોર સિટી' વિસ્તારોના વિકાસ માટે સરકાર "મુખ્યમંત્રી નગર નવજીવન યોજના" અમલમાં લાવી છે. આ યોજના માટે આગામી વર્ષ માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં શહેરોના માર્કેટ અને કોમર્શિયલ પોટેન્શિયલ ધરાવતા વિસ્તારોમાં 'બ્રાઉનફિલ્ડ પુનર્વિકાસ' દ્વારા આર્થિક તકો ઊભી કરવામાં આવશે. પસંદગીના વિસ્તારોમાં જૂની ડ્રેનેજ લાઈનો, પાણી પુરવઠાની લાઈનો અને રસ્તાઓના સુધારણા સાથે આ વિસ્તારોને ટકાઉ (Sustainable) અને હરિયાળા બનાવાશે. મંત્રીશ્રીએ કહ્યું કે અમદાવાદને આગામી કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક જેવી આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સ માટે તૈયાર કરવા રૂ. ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મોટેરા, નવરંગપુરા અને હીરાવાડી જેવા મુખ્ય સ્પોર્ટ્સ સ્થળોની આસપાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટીને મજબૂત કરવામાં આવશે. દરેક મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વ્યાવસાયિક રમતગમત સુવિધાઓ અને ફ્લાયઓવરની નીચે સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શહેરોમાં વસતા ગરીબો અને સ્થળાંતરિતો માટે સસ્તા ભાડાના મકાનો કરાવવા નમો એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ યોજના અમલી બનાવવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કે અમદાવાદ અને સુરત ખાતે પાયલોટ પ્રોજેક્ટ માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે. શહેરી સંપત્તિઓની જાળવણી માટે 'જીવન ધારા' યોજના હેઠળ રૂ. ૧૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. મિશન ડેઈલી વોટર સપ્લાય અંતર્ગત ૬૨ નગરપાલિકાઓમાં દૈનિક પાણી પુરવઠો સુનિશ્ચિત કરવા રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગાંધીનગર ખાતે વિશ્વસ્તરીય 'નમો સેન્ટ્રલ ડિજિટલ લાઈબ્રેરી અને કો-વર્કિંગ સ્પેસ' નું નિર્માણ રૂ. ૩૦૦ કરોડના ખર્ચે થશે, જે માટે ચાલુ વર્ષે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ છે. મુખ્ય શહેરોમાં બિઝનેસ ટુરિઝમને વેગ આપવા MICE કેન્દ્રો માટે રૂ. ૧૦૦ કરોડ ફાળવાયા છે. મોટા શહેરોનું ભારણ ઘટાડવા કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હીરાસરને ૫ સેટેલાઈટ ટાઉન તરીકે વિકસાવવા રૂ. ૫૦ કરોડની જોગવાઈ છે. લોથલને વૈશ્વિક પ્રવાસન નક્શા પર મૂકવા માટે થીમ પાર્ક અને અન્ય સુવિધાઓ વિકસાવવામાં આવશે. યાત્રાધામ અંબાજીના સુવ્યવસ્થિત વિકાસ માટે રૂ. ૯૭.૨૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. વિધાનસભા ગૃહમાં શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગની રૂ. ૩૩,૫૦૪ કરોડની અંદાજપત્રીય માંગણીઓ પસાર કરવામાં આવી

# વિશ્વ ટીબી દિવસ: પીએમ મોદીના 'ટીબી મુકત ભારત'ના વિઝનને સાકાર કરવામાં ગુજરાત બન્યું અગ્રેસર

## સારવારમાં ૯૨% સફળતા દર સાથે રાષ્ટ્રીય ટીબી નાબૂદી અભિયાનમાં મોખરે



કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'ટીબી મુક્ત ભારત'ના વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાત નોંધપાત્ર યોગદાન આપી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યએ નીતિ આયોગે ટીબીની નોંધણી અને સારવારના જે લક્ષ્યાંકો નિર્ધારિત કર્યા છે, તેમાં ૯૪% સફળતા પ્રાપ્ત કરી લીધી છે. વિશ્વ ટીબી દિવસ પર ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જારી આંકડા દર્શાવે છે કે, રાષ્ટ્રીય ટીબી નાબૂદી અભિયાનમાં ગુજરાતની સ્થિતિ મજબૂત બની છે. વર્ષ ૨૦૨૫માં નીતિ આયોગે ૧,૪૦,૦૦૦ ટીબીના કેસોની ઓળખનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો હતો, જેની સામે રાજ્યએ ૧,૩૧,૮૦૧ ટીબી દર્દીઓની સફળતાપૂર્વક ઓળખ અને નોંધણી કરી છે. જે દર્દીઓની ઓળખ થઈ છે તેમાંથી ૧,૨૫,૩૦૧ દર્દીઓને તાત્કાલિક સક્રિય સારવાર હેઠળ લાવવામાં આવ્યા હતા. સતત મેડિકલ ફોલો-અપના પરિણામે ૧,૨૧,૯૧૨ દર્દીઓએ તેમની સારવાર પૂર્ણ કરી, જેથી ૯૧.૭૪% નો ક્લિનિકલ રિકવરી દર પ્રાપ્ત થયો.

**વર્ષ ૨૦૨૫માં ૯૨,૯૨૧ ટીબીના દર્દીઓને ?૪૯.૧૦ કરોડની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી**

ટીબી એવી બીમારી છે, જેની સારવાર લાંબા સમય સુધી ચાલે છે. પરિણામે, આર્થિક બોજ વધી જવાના કારણે ઘણી વાર દર્દીઓ સારવાર અધવચ્ચે જ છોડી દે છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૫માં જ ૯૨,૯૨૧ ટીબીના દર્દીઓને ૪૯.૧૦ કરોડની નાણાકીય સહાય પૂરી પાડી છે. નિક્ષય પોષણ યોજના હેઠળ, દર્દીઓને દર મહિને ૧,૦૦૦ની નાણાકીય સહાય આપવામાં આવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય સારવાર દરમિયાન તેમનું પોષણ સુનિશ્ચિત કરવાનો છે. આ નાણાકીય સહાયને અભૂતપૂર્વ સામુદાયિક સહકારથી વધુ મજબૂતી મળી છે. વડાપ્રધાનશ્રીના 'ટીબી મુક્ત ભારત અભિયાન'થી પ્રેરાઈને, ગુજરાતે રાષ્ટ્રીય પોર્ટલ પર ૩૧,૦૫૮ નિક્ષય મિત્રો (સામુદાયિક સ્વયંસેવકો અને પ્રાયોજકો) ની નોંધણી કરાવીને આરોગ્ય સહાયને સફળતાપૂર્વક જનભાગીદારી સાથે જોડી છે. ૧૦,૬૮૨ સક્રિય સ્વયંસેવકોના પ્રયાસો દ્વારા, આ નિક્ષય મિત્રોએ દર્દીઓને ૪.૪૯ લાખથી વધુ પોષણ કિટનું વિતરણ કર્યું છે, જેનાથી સમુદાય આધારિત પોષણ સહાયમાં ગુજરાત દેશનું શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્ય બન્યું છે.

**પ્રોએક્ટિવ સ્ક્રીનિંગનું મહાભિયાન: ૭૫.૩૯ લાખ લોકોનું પરીક્ષણ, ૧.૬૩ લાખ નવા દર્દીઓની ઓળખ**

ડિસેમ્બર ૨૦૨૪માં શરૂ કરવામાં આવેલા ભારત સરકારના '૧૦૦-દિવસીય સઘન ટીબી નાબૂદી અભિયાન'નું નેતૃત્વ કરીને, રાજ્યએ મોટા પાયે ઘરે-ઘરે જઈને લોકોનું સ્ક્રીનિંગ હાથ ધર્યું. ૨૦ માર્ચ ૨૦૨૬ સુધીમાં, ૭૫.૩૯ લાખ લોકોનું ટીબી સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે. આ સક્રિય અભિયાનમાં સફળતાપૂર્વક ૧,૬૩,૪૨૬ નવા કેસોની ઓળખ કરવામાં આવી છે. એટલું જ નહીં, બીમારી ગંભીર રૂપ ધારણ કરે અથવા તે સમુદાયમાં ફેલાય તે પહેલાં જ દર્દીઓને રાજ્યની મજબૂત સારવાર વ્યવસ્થામાં જોડવામાં આવ્યા છે. ક્લિનિકલ કાર્યક્ષમતા, આર્થિક સુરક્ષા, સમુદાયની ભાગીદારી અને સક્રિય સ્ક્રીનિંગના મજબૂત સંયોજન દ્વારા ગુજરાત માત્ર ટીબીની સારવાર નથી કરી રહ્યું, પરંતુ તેની સંપૂર્ણ નાબૂદી માટે એક ઉદાહરણરૂપ મૉડલ પણ બની રહ્યું છે.



કમલમ્,

**વ્યારા નગરના સામાજિક અને ધાર્મિક કાર્યોમાં અગ્રેસર એવા વોર્ડ નંબર ૭ ના યુવા આગેવાન અક્ષય પંચાલ ની ફરી થી ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા વ્યારા નગર ના પ્રમુખ તરીકે નિયુક્તિ થતા શુભેચ્છકો દ્વારા રૂબરૂ મળી અને સોસીયલ મિડિયાના માધ્યમ થી શુભેચ્છા પાઠવી.**

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028